श्री हर्षपुष्पामृत जैन ग्रंथमाला ग्रं. २३०

पू. सूरिपुरन्दर श्री हरिभद्रसूरि रचितं

धर्मबिन्दुप्रकरणं

गुर्जरानुवाद सहितम्

: संपादक :

पूज्याचार्यदेवश्री विजय जिनेन्द्रसूरीश्वरः

: प्रकाशिका :

श्री हर्षपुष्पामृत जैन ग्रंथमाला

लाखाबावल (शांतिपुरी) सौराष्ट्र

श्री हर्षपुष्पामृत जैन ग्रंथमाला ग्रं. २३०

श्री महावीर जिनेन्द्राय नमः

श्रीमणिवृद्ध्याणंद हर्षकर्पूरामृतसूरिभ्यो नमः

पू सूरिपुरन्दर श्री हरिभद्रसूरि रचितं

धर्मबिन्दुप्रकरणं

गुर्जरानुवाद सहितम्

: संपादक :

पू. हालारदेशोद्धारक पूज्याचार्यदेवश्री

विजयामृतसूरीश्वर–पट्टधरः

पूज्याचार्यदेवश्री विजय जिनेन्द्रसूरीश्वरः

–: सहायक :–

पूज्याचार्यदेव श्रीमद् **विजय विबुधप्रभसूरी-श्वराज्ञावर्ति**–पू. सा. श्री **पूर्णभद्राश्रीजी** सदुपदेशतः शिवगंज–श्री पंचपोरवाल **आदेश्वरजी भगवान** [illegible] **कोबा** [illegible] **सागर सूरि ज्ञान**

: प्रकाशिका : [illegible] **वीर जैन आराधना केन्द्र**, [illegible] **पिन–382007**

श्री हर्षपुष्पामृत जैन ग्रंथमाला

लाखाबावल (शांतिपुरी) सौराष्ट्र

प्रकाशिका–श्री हर्षपुष्पामृत जैन ग्रंथमाला
(लाखावावल)

C/o. श्रुतज्ञान भवन ४५ दि. प्लोट जामनगर

वीर संवत	विक्रम संवत	सन्
२५१७	२०४७	१९९१

प्रथमावृत्तिः प्रतयः २०००

आ भा र द र्श न

अमारी ग्रन्थमाला तरफथी प्राचीन साहित्य प्रकाशन योजना द्वारा आ. पू. **हरिभद्र सू.** रचित श्री **धर्मबिन्दु प्रकरण** महान ग्रन्थ गुजराती अनुवाद सार्थ प्रगट करीए छीए. आ ग्रन्थनु संपादन पू. आ. **श्री विजय जिनेन्द्रसूरीश्वरजी** महाराजे कर्यु छे.

आ ग्रन्थ माटे परमपूज्य **बापजी** म. ना **प्रशिष्य** रत्न. पू. आ. श्री विजय **मनोहर** सू. महाराजना पट्टधर पू. आ. श्री विजय **विबुधप्रभ** सू. महाराजना आज्ञावर्त्ती पू. सा. श्री **पूर्णभद्राश्रीजी** महाराजना सदुपदेशथी **शिवगंज** (राज.) श्री पंच पोरवाल आदेश्वरजी भगवाननी पेढीए ज्ञानखातेथी सहकार आपेल छे. ते माटे उपदेशक तथा पेढीनेा आभार मानीए छीए.

ता. ७-६-९१ **महेता मगनलाल चत्रभुज**
शाक मारकेट सामे, व्यव. श्री हर्षपुष्पामृत
जामनगर जैन ग्रन्थमाला

अनुक्रमणिका

अध्यायः	नाम	पृष्ठ
१	गृहस्थधर्मविधिः	१
२	देशनाविधिः	१९
३	गृहस्थविशेषधर्मः	३९
४	यतिविधिः	६६
५	यतिधर्मविधिः	८३
६	यतिधर्म विषय विधिः	१०४
७	धर्मफल	
८	धर्मफल विधिः	

अल्प वक्तव्य

श्री सूत्रकृतांगसूत्रमां राजा के महर्द्धिक-श्रेष्ठी वन्दन करवा आवे तो साधु माने स्वाध्यायमां व्याघात थशे. साधुने मन स्वाध्यायनी आवी किमत कही छे. जेथी स्वाध्याय एटले शास्त्रोनुं अध्ययन मनन चिंतन अनुप्रेक्षा रूप स्वाध्यायमां आवी रीते मग्नता केळववी जोइए.

साधु साध्वी पासे आवनारा पण स्वाध्याय मग्न बने. स्वाध्यायनी सुलभता माटे नाना प्रकरणो अर्थ सहित प्रगट थाय तो ते कंठस्थ करी शकाय विचारी शकाय. आवुं सुलभ साधननो सदुपयोग सकल श्री संघमां थाय ते जरूरी छे.

परमपूज्य सिद्धांत पारगामी बहुश्रुत **श्री हरिभद्रसूरीश्वरजी महाराजाए** आ **धर्मबिन्दु महान ग्रंथ** रच्यो छे जैन आचार अने सिद्धांतनो ए कोष छे. कवि कालिदासना पोपट

श्लोक बोलता तेम कहेवाय छे. तो आवा ग्रन्थोनुं बराबर अध्ययन थाय तो साधु साध्वी तो शुं पण श्रावक श्राविका पण आचार अने सिद्धांतना शास्त्र वचनो संस्कृत प्राकृतमां उच्चारता थइ जाय. ब्राह्मणना वचने अने सूरजनी साखे जेम स्थिति लोकमां कहेवाय छे. तेवी अज्ञान स्थिति जैन संघमां न रहे. श्रीसंघ एम अप्रमत्त बने एज मंगल भावना.

२०४७ जेठ सुद ५ —जिनेन्द्रसूरि.
वगडीया (थान)

अर्हम् ।।

तपोमूर्ति

पूज्याचार्यदेवश्रीविजयकर्पूरसूरिभ्यो नमः ।।

धर्मबिन्दुप्रकरणं सार्थम्

।।१।। प्रथमः अध्यायः ।।

प्रणम्य परमात्मानं समुद्धृत्य श्रुतार्णवात् ।
धर्मबिन्दुं प्रवक्ष्यामि तोयबिन्दुमिवोदधेः ।।१।।

અર્થ:—શ્રી અર્હંત પરમાત્માને પ્રણામ કરી સમુદ્રમાંથી જલબિંદુની જેમ શાસ્ત્ર-સિદ્ધાંતરૂપી સમુદ્રમાંથી ધર્મનો બિંદુ [લેશ] ઉદ્ધાર કરી આ ધર્મબિંદુ પ્રકરણ નામનો ગ્રંથ કહીશ.

धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः ।
धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः ।।२।।

ધર્મ, ધનની ઇચ્છાવાલાને ધન આપનારો છે, કામ–ઇન્દ્રિયોના વિષયની ઇચ્છાવાલાને કામ–ઇન્દ્રિયોના વિષય આપનારો છે અને પરંપરાએ મોક્ષને સાધનારો છે. ૨.

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥३॥

પરસ્પર વિરોધ ન આવે તેવા શાસ્ત્રોક્ત પ્રમાણવાલા યથાર્થ વચનથી જણાવેલું અને મૈત્રી વગેરે ભાવનાથી યુક્ત એવું જે અનુષ્ઠાન તે ધર્મ કહેવાય છે. ૩.

सोऽयमनुष्ठातृभेदात् द्विविधो,
गृहस्थधर्मो यतिधर्मश्चेति ॥१॥

તે ધર્મ, ધર્માનુષ્ઠાન કરનારા પુરૂષના ભેદથી ગૃહસ્થધર્મ અને યતિધર્મ એવા બે પ્રકારનો છે. ૧

तत्र च गृहस्थधर्मोऽपि द्विविधः,
सामान्यतो विशेषतश्चेति ॥२॥

તેમાં જે ગૃહસ્થધર્મ છે તે પણ સામા-
ન્ય અને વિશેષથી બે પ્રકારનો છે. ૨

तत्र सामान्यतो गृहस्थधर्मः कुलक्रमागतमनिंद्यं
विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानमिति ॥३॥

કુલ પરંપરાથી આવેલું, નિંદારહિત,
વૈભવાદિકની અપેક્ષાએ જે ન્યાયપૂર્વક આચ-
રણ તે ગૃહસ્થોનો સામાન્ય ધર્મ છે. ૩

न्यायोपात्तं हि वित्तमुभयलोकहिताय चेति ॥४॥

ન્યાયથી ઉપાર્જન કરેલું ધન આલોક
અને પરલોકના હિતને માટે થાય છે. ૪

अनभिशंकनीयतया परिभोगाद्विधिना
तीर्थगमनाच्चेति ॥५॥

જે દ્રવ્યનો ઉપભોગ કરવામાં લોકોને તેના ભોક્તા કે ભોગ્ય વસ્તુ ઉપર શંકા ન આવે તેવી રીતે ઉપભોગ કરાય અને જે દ્રવ્યથી વિધિપૂર્વક તીર્થગમન થાય તેવું ન્યાયોપાર્જિત દ્રવ્ય ઉભય લોકમાં હિતકારી છે. ૫

अहितायेवान्यदिति ॥६॥

ઉપર પ્રમાણે ન કરતાં જે તેથી અન્ય-જુદી રીતે કરે તો અહિત જ થાય છે. ૬

तदनपायित्वेपि मत्स्यादिगलादिव-
द्विपाकदारुणत्वात् इति ॥७॥

જે કે અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય કદિ અનપાયિ એટલે અપાયરહિત અર્થાત્ વિદ્યમાન રહે તો પણ તે મત્સ્ય વગેરેને

ગલગોરિ પ્રમુખની જેમ પરિણામે દારૂણ-વિનાશક થઇ પડે છે. ૭

न्याय एव ह्यर्थाप्त्युपनिषत्परेति समयविद इति ॥८॥

'દ્રવ્યપ્રાપ્તિનો ઉત્કૃષ્ટ અને રહસ્યભૂત ઉપાય ન્યાયજ છે.' એમ સિદ્ધાંતવેત્તાઓ કહે છે. ૮

ततो हि नियमतः प्रतिबंधककर्मविगम इति ॥९॥

ન્યાયથી દ્રવ્યની પ્રાપ્તિમાં અંતરાય કરનારા કર્મનો અવશ્ય નાશ થાય છે. ૯

सत्यस्मिन्नायत्यामर्थसिद्धिरिति ॥१०॥

એ લાભાંતરાય કર્મનો નાશ થવાથી પરિણામે સંપત્તિ મલવાની સિદ્ધિ થાય છે. ૧૦

अतोऽन्यथापि प्रवृत्तौ पाक्षिकोऽर्थलाभो
निःसंशयस्त्वनर्थ इति ॥११॥

ઉપરના કહેવાથી અન્યથા રીતે (અન્યાયપણે) વર્ત્તવામાં કદિ અર્થલાભ વિકલ્પે થાય પણ અનર્થ તો નિઃસંદેહ થાય છે. ૧૧

तथा– समानकुलशीलादिभिरगोत्रजैर्वै–
वाह्यमन्यत्र बहुविरुद्धेभ्य इति ॥१२॥

જે લોકો પોતાની જાતિના કે દેશના લોકો સાથે બહુ વિરોધ કરનારા છે તે લોકો સિવાય કુલ તથા શીલ વગેરે જેમના સરખા હોય અને જે એક ગોત્રના ન હોય તેવા લોકોની સાથે વિવાહનો સંબંધ કરવો. ૧૨

तथा–द्रष्टादृष्टबाधाभीतता इति ॥१३॥

પ્રત્યક્ષ જોવામાં આવે અને જોવામાં ન આવે એવા ઉપદ્રવોથી બીતા રહેવું. ૧૩

तथा–शिष्टचरितप्रशंसनमिति ॥१४॥

હંમેશાં શિષ્ટ–સાધુ પુરૂષોના આચરણની પ્રશંસા કરવી. ૧૪

तथा–अरिषड्वर्गत्यागेनाविरुद्धार्थ–
प्रतिपत्त्येन्द्रियजय इति ॥१५॥

કામ ક્રોધાદિ અંતરંગ શત્રુઓનો ત્યાગ કરી અવિરુદ્ધ અર્થનો અંગીકાર કરી ઇંદ્રિયોનો જય કરવો. ૧૫

तथा–उपप्लुतस्थानत्याग इति ॥१६॥

ઉપદ્રવવાલા સ્થાનનો ત્યાગ કરવો. ૧૬

तथा–स्वयोग्यस्याश्रयणमिति ॥१७॥

પોતાને યોગ્ય એવા પુરૂષનો આશ્રય કરવો. ૧૭

तथा–प्रधानसाधुपरिग्रह इति ॥१८॥

ઉત્તમ અને સદાચારી પુરૂષોનો સંગ કરવો. ૧૮

तथा–स्थाने गृहकरणमिति ।।१९।।

સારે ઠેકાણે નિવાસને માટે ઘર કરવું. ૧૯

अतिप्रकटातिगुप्तमस्थानमनु–
चितप्रातिवेश्यं चेति ।।२०।।

જે સ્થાન અતિ ખુલ્લું હોય અથવા અતિ ગુપ્ત હોય અને જેનો પાડોશ ખરાબ હોય. તે રહેવાને અનુચિત સ્થાન જાણવું. ૨૦

लक्षणोपेतगृहवास इति ।।२१।।

વાસ્તુનાં સર્વ લક્ષણોથી યુકત એવા ગૃહમાં વાસ કરવો. ૨૧

निमित्तपरीक्षेति ।।२२।।

નિમિત્ત–શુકનનું બરાબર અવલોકન કરવું. ૨૨

तथानेकनिर्गमादिवर्जनमिति ।।२३।।

જવા આવવાના ઘણા રસ્તા જેમાં ન હોય તેવું ઘર કરવું. ૨૩

तथा–विभवाद्यनुरूपो वेषो–
विरुद्धत्यागेनेति ।।२४।।

પોતાના વૈભવ વગેરેની સ્થિતિને યોગ્ય એવો વેષ રાખવો અને વિરૂદ્ધ વેષનો ત્યાગ કરવો. ૨૪

तथा–आयोचितो व्यय इति ।।२५।।

આવક પ્રમાણે ખર્ચ રાખવો. ૨૫

तथा–प्रसिद्धदेशाचारपालनमिति ।।२६।।

પ્રસિદ્ધ દેશાચાર હોય તે પાલવા. ૨૬

तथा–गर्हितेषु गाढमप्रवृत्तिरिति ।।२७।।

નિંદિત કાર્યમાં બીલકુલ પ્રવૃત્તિ કરવી નહીં. ૨૭

तथा–सर्वेष्ववर्णवादत्यागो विशेषतो–
राजादिष्विति ॥२८॥

સર્વ પ્રાણીઓનો અવર્ણવાદ કરવો છોડી દેવો, તેમાં રાજા પ્રમુખ માન્ય વર્ગનો તો વિશેષપણે છોડી દેવો. ૨૮

तथा–असदाचारैरसंसर्ग इति ॥२९॥

સદાચાર વગરના પુરૂષોની સાથે સંસર્ગ રાખવો નહીં. ૨૯

संसर्गः सदाचारैरिति ॥३०॥

સદાચારી પુરૂષોની સાથે સંસર્ગ રાખવો. ૩૦

तथा–मातापितृपूजेति ॥३१॥

માતાપિતાની પૂજા કરવી. ૩૧

आमुष्मिकयोगकारणं तदनुज्ञया प्रवृत्तिः प्रधानाभिनवोपनयनं तद्भोगे भोगोऽन्यत्र तदनुचितादिति ।।३२।।

માતાપિતાને પરલોકના ધર્મવ્યાપારમાં પ્રેરણા કરવી, તેમની આજ્ઞાથી આલોક અને પરલોકના કાર્યમાં પ્રવૃત્તિ કરવી. કાંઇ શ્રેષ્ઠ નવી વસ્તુ મલે તે પ્રથમ તેમને ભેટ કરવી અને જે વસ્તુ તેમણે વ્રત નિમિત્ત છોડી દીધી હોય તે સિવાયની વસ્તુનો ઉપભોગ તેમના કર્યા પછી કરવો. ૩૨

तथा–अतुद्वेजनीया प्रवृत्तिरिति ।।३३।।

કોઇને ઉદ્વેગ ન થાય એવી પ્રવૃત્તિ કરવી. ૩૩

તથા–ભર્તવ્યભરણમિતિ ।।૩૪।।

જે ભરણપોષણ કરવા યોગ્ય હોય તેમનું ભરણપોષણ કરવું. ૩૪

તથા–તસ્ય યથોચિતં વિનિયોગ ઇતિ ।।૩૫।।

તે ભરણપોષણ કરવા યોગ્ય એવા લોકોને તેને યોગ્ય એવા કાર્યમાં જોડવા. ૩૫

તથા–તત્પ્રયોજનેષુ બદ્ધલક્ષતેતિ ।।૩૬।।

તે પોષ્ય વર્ગના ધર્મ, અર્થ અને કામના પ્રયોજનમાં હમેશાં લક્ષ રાખવું ૩૬

તથા–અપાયપરિરક્ષોદ્યોગ ઇતિ ।।૩૭।।

અનર્થમાંથી તે પોષ્ય વર્ગની રક્ષા કરવાનો ઉદ્યોગ કરવો. ૩૭

તથા–ગર્હ્યૌ જ્ઞાનસ્વગૌરવરક્ષે ઇતિ ।।૩૮।।

જો તે પોષ્ય વર્ગ નિંદા કરવા યોગ્ય

થાય તેા પછી ગૃહસ્થે પેાતાના જ્ઞાન અને ગૌરવપણાની રક્ષા કરવી. ૩૮

तथा–देवातिथिदीनप्रतिपत्तिरिति ॥३९॥

દેવ, અતિથિ અને દીન જનની સેવા કરવી. ૩૯

तदौचित्याबाधनमुत्तमनिदर्शनेनेति ॥४०॥

ઉત્તમ પુરૂષનું ઉદાહરણ લઇ તે દેવાદિકની યેાગ્યતાનું ઉલ્લંઘન કરવું નહીં. ૪૦

तथा–सात्म्यतः कालभोजनमिति ॥४१॥

પેાતાની પ્રકૃતિની અનુકૂલતાએ વખતસર ભેાજન કરવું. ૪૧

तथा–लौल्यत्याग इति ॥४२॥

વખતસર ભેાજન કરવામાં પણ રૂચિ ઉપરાંત જમવાની લેાલુપતા કરવી નહીં. ૪૨

તથા–અજીર્ણે અભોજનમિતિ ।।૪૩।।

જો અજીર્ણ થયું હોય તો ભોજન કરવું નહીં. ૪૩

તથા-બલાપાયે પ્રતિક્રિયેતિ ।।૪૪।।

શરીરમાં નબળાઇ લાગે તો તેનો ઉપાય કરવો. ૪૪

તથા–અદેશકાલચર્યાપરિહાર ઇતિ ।।૪૫।।

અઘટિત દેશ તથા અઘટિત કાલ પ્રમાણે ચાલવું નહીં. ૪૫

તથા–યથોચિતલોકયાત્રેતિ ।।૪૬।।

યોગ્યતા પ્રમાણે લોકવ્યવહાર કરવો. ૪૬

તથા–હીનેષુ હીનક્રમ ઇતિ ।।૪૭।।

હલકા લોકોની સાથે તેમને અનુકૂળ રીતે વર્ત્તવું. ૪૭

तथा–अतिसंगवर्जनमिति ।।४८।।

અતિ પરિચયનો ત્યાગ કરવો. ૪૮

तथा–वृत्तस्थज्ञानवृद्धसेवेति ।।४९।।

સારી વર્ત્તણુકમાં રહેનારા અને જ્ઞાન-વૃદ્ધ એવા પુરૂષોની સેવા કરવી. ૪૯

तथा–परस्परानुपघातेनान्योन्यानुबद्ध-त्रिवर्गप्रतिपत्तिरिति ।।५०।।

પરસ્પર ગુંથાએલા ધર્મ, અર્થ અને કામને એક બીજાનો ઉપઘાત ન થાય તેવી રીતે સેવવા. ૫૦

तथा–अन्यतरबाधासंभवे मूलाबाधेति ।।५१।।

ધર્મ, અર્થ, કામ–એ ત્રણમાંથી હર-કોઇને બાધ થવા સંભવ લાગે તો મૂલ પુરૂષાર્થને બાધ થવા દેવો નહીં. ૫૧

तथा–बलाबलापेक्षणमिति ।।५२।।

પોતાની શક્તિ અને અશક્તિ વિચારી કામ કરવું. ૫૨

तथा–अनुबंधे प्रयत्न इति ।।५३।।

ધર્મ, અર્થ અને કામની ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ અનુબંધ (આગ્રહ) રાખવામાં પ્રયત્ન કરવો. ૫૩

तथा–कालोचितापेक्षेति ।।५४।।

જે કાલે જે વસ્તુ યોગ્ય હોય તેનો વિચાર કરી અંગીકાર કરવો. ૫૪

तथा–प्रत्यहं धर्मश्रवणमिति ।।५५।।

હમેશાં ધર્મનું શ્રવણ કરવું. ૫૫

तथा–सर्वत्रानभिनिवेश इति ।।५६।।

સર્વ કાર્યમા કદાગ્રહ રાખવો નહીં. ૫૬

तथा–गुणपक्षपातितेति ।।५७।।

ગુણોમાં પણ પક્ષપાત રાખવો. ૫૭

तथा–ऊहापोहादियोग इतीति ।।५८।।

તર્ક કરવો, તેનું સમાધાન કરવું ઇત્યાદિ બુદ્ધિના આઠ ગુણોનો યોગ કરવો. ૫૮

एवंस्वधर्मसंयुक्तं सद्गार्हस्थ्यं करोति यः ।
लोकद्वयेऽप्यसौ धीमान् सुखमाप्नोत्यनिन्दितम् ।।१।।

જે પુરૂષ એ પ્રમાણે સ્વધર્મ યુકત અને શ્રેષ્ઠ ગૃહસ્થપણું આચરે તે બુદ્ધિમાન્ પુરૂષ આલોક અને પરલોકમાં અનિંદિત સુખ પ્રાપ્ત કરે છે. ૧

दुर्लभं प्राप्य मानुष्यं विधेयं हितमात्मनः ।
करोत्यकाण्ड एवेह मृत्युः सर्वं न किञ्चन ।।२।।

દુર્લભ એવો મનુષ્યજન્મ પામીને આત્માનું હિત કરવું, કારણ કે મૃત્યુ અકસ્માત્ આવી 'આલોકમાં સઘલું કાંઇ હતું જ નહી" એમ કરી દે છે. ૨

सत्येतस्मिन्नसारासु संपत्स्वविहिताग्रहः ।
पर्यन्तदारुणासूच्चैर्धर्मः
कार्यो महात्मभिः ॥३॥ इति ॥

એવા મૃત્યુને લીધે અસાર એવી અને પરિણામે દારૂણ ભય આપનારી સંપત્તિઓમાં જે મોહ ધરતો નથી એવો ધર્મ મહાત્મા પુરૂષોએ ઉંચે પ્રકારે આચરણ કરવો. ૩

॥ इति गृहस्थधर्मविधिनाम् प्रथमोध्यायः ॥१॥

॥२॥ द्वितीयः अध्यायः ॥

प्रायः सद्धर्मबीजानि गृहिष्वेवंविधेष्वलम् ।
रोहन्ति विधिनोप्तानि यथा बीजानि-
सत्क्षितौ ॥१॥ इति ॥

જેમ સારી પૃથ્વીમાં વિધિવડે વાવેલાં બીજ ઉગી નીકલે છે તેમ પૂર્વે કહેલા ગૃહસ્થોને વિષે વિધિથી વાવેલાં સદ્ધર્મ-(ગૃહસ્થધર્મ) નાં બીજ પ્રાયે કરીને ઉગી નીકલે છે. ૧

बीजनाशो यथाऽभूमौ प्ररोहो वेह निष्फलः ।
तथा सद्धर्मबीजानामपात्रेषु विदुर्बुधाः ॥२॥

જેમ ઉખર ભૂમિમાં વાવેલાં બીજનો નાશ થાય છે, કદિ ને તેમાં અંકુરા ફુટે તો તેને ફલ બેસે નહીં, તેમ અપાત્ર-

અયોગ્ય પુરૂષને વિષે સદ્ધર્મનાં બીજ વાવ્યાં હોય તો તેનો નાશ થાય છે. કદાચિત્ અંકુરા ફુટે તો ફલ બેસતાં નથી. ૨

न साधयति यः सम्यगज्ञः स्वल्पं चिकीर्षितम् ।
अयोग्यत्वात्कथं मूढः स
महत्साधयिष्यति ॥३॥ इति ॥

જે અજ્ઞાની પોતાની તુચ્છ ઇચ્છા સાધે નહીં, તે મૂઢ અયોગ્યપણાથી મહત્ કાર્ય કેવી રીતે સાધી શકશે. ૩

इति सद्धर्मदेशनार्हं उक्तः, इदानीं तद्विधि-
मनुवर्तयिष्यामः इति ॥४॥

એ પ્રમાણે સદ્ધર્મની દેશનાને યોગ્ય એવો પુરૂષ કહ્યો. હવે તે સદ્ધર્મ દેશનાનો વિધિ કહીશું. ૪

तत्प्रकृतिदेवताधिमुक्तिज्ञानमिति ॥५॥

સદ્ધર્મની દેશનાને યોગ્ય એવા પુરૂષની પ્રકૃતિ અને બુધ્ધ્યાદિક દેવતા તથા મુકિતનું જ્ઞાન પ્રથમ સંપાદન કરવું. ૫

तथा–साधारणगुणप्रशंसेति ॥६॥

ઉપદેશકે હમેશાં સાધારણ ગુણોની પ્રશંસા કરવી. ૬

तथा–सम्यक्तदधिकाख्यानमिति ॥७॥

તે સાધારણ ગુણથી અધિક એવા ગુણોને સારી રીતે બતાવવા. ૭

तथा–अबोधेप्यनिन्देति ॥८॥

ગુણનો બોધ ન થયો હોય તેની પણ નિંદા ન કરવી. ૮

शुश्रषाभावकरणमिति ॥९॥

ધર્મશાસ્ત્ર સાંભલવાની ઇચ્છાના પરિણામ કરાવવા. ૯.

તથા–ભૂયો ભૂય ઉપદેશ ઇતિ ।।૧૦।।

વારંવાર ઉપદેશ કરવો. ૧૦

તથા–બોધે પ્રજ્ઞોપવર્ણનમિતિ ।।૧૧।।

શ્રોતાને બોધ થાય તો તેની બુદ્ધિની પ્રશંસા કરવી. ૧૧

તથા–તંત્રાવતાર ઇતિ ।।૧૨।।

શ્રોતાને શાસ્ત્રમાં પ્રવેશ કરાવવો. ૧૨

તથા–પ્રયોગ આક્ષેપણ્યા ઇતિ ।।૧૩।।

ભવ્ય પ્રાણીઓને મોહમાંથી તત્ત્વજ્ઞાન પ્રત્યે આકર્ષણ કરે તેવી આક્ષેપણી નામની કથાઓ કહેવી. ૧૩

તથા–જ્ઞાનાદ્યાચારકથનમિતિ ।।૧૪।।

જ્ઞાનાદિ આચારોનું કથન કરવું. ૧૪

તથા–નિરીહશક્યપાલનેતિ ।।૧૫।।

આલોક અને પરલોકની વાંછા રાખ્યા વગર કરી શકાય તેવા જ્ઞાનાચાર વગેરેનું પાલન કરવું. ૧૫

તથા–અશક્યે ભાવપ્રતિપત્તિરિતિ ।।૧૬।।

જ્ઞાનાચાર વગેરે પાલી શકાય તેમ ન હોય તો ભાવથી તેનો અંગીકાર કરવો. ૧૬

તથા–પાલનોપાયોપદેશ ઇતિ ।।૧૭।।

અંગીકાર કરેલ જ્ઞાનાદિ આચારને પાલવાના ઉપાયનો ઉપદેશ કરવો. ૧૭

તથા–ફલપ્રરૂપણેતિ ।।૧૮।।

જ્ઞાનાદિ આચાર પાલવાથી જે ફલ થાય તેની પ્રરૂપણા કરવી. ૧૮

देवर्द्धिवर्णनमिति ॥१९॥

દેવતાની સમૃદ્ધિનું વર્ણન કરવું. ૧૯

तथा–सुकुलागमनोक्तिरिति ॥२०॥

સારા કુલમાં જન્મ થવા વિષે કહેવું. ૨૦

तथा–कल्याणपरंपराख्यानमिति ॥२१॥

કલ્યાણની પરંપરા જણાવવી. ૨૧

तथा–असदाचारगर्हेति ॥२२॥

નઠારા આચારની નિંદા કરવી. ૨૨

तथा–तत्स्वरूपकथनमिति ॥२३॥

તે નઠારા આચારનું સ્વરૂપ કહી બતાવવું. ૨૩

तथा–स्वयं परिहार इति ॥२४॥

ઉપદેશકે પોતે અસત્ આચારનો ત્યાગ કરવો. ૨૪

तथा–ऋजुभावासेवनमिति ।।२५।।

ઉપદેશકે હમેશાં સરલ ભાવ રાખવો. ૨૫

तथा–अपायहेतुत्वदेशनेति ।।२६।।

અનર્થના કારણની દેશના આપવી. ૨૬

नारकदुःखोपवर्णनमिति ।।२७।।

ઉપદેશકે શ્રોતાની આગલ નારકીનાં દુઃખનું વર્ણન કરવું. ૨૭

तथा–दुःकुलजन्मप्रशस्तिरिति ।।२८।।

'નઠારા કુલમાં કયારે જન્મ થાય?' એ વિષે સમજુતી આપવી. ૨૮

दुःखपरंपरानिवेदनमिति ।।२९।।

નઠારા કુલમાં ઉત્પન્ન થએલા પ્રાણીઓને દુઃખોની પરંપરા થાય છે તેનું નિવેદન કરવું. ૨૯

तथा–उपायतो मोहर्निंदेति ।।३०।।

ઉપાયથી મોહની નિંદા કરવી. ૩૦

तथा–सज्ज्ञानप्रशंसनमिति ।।३१।।

સત્ જ્ઞાનની પ્રશંસા કરવી. ૩૧

तथा–पुरुषकारसत्कथेति ।।३२।।

પુરૂષાર્થ–ઉદ્યોગનું માહાત્મ્ય કહેવું. ૩૨

तथा–वीर्यर्द्धिवर्णनमिति ।।३३।।

વીર્યની સમૃદ્ધિનું વર્ણન કરવું. ૩૩

तथा–परिणते गंभीरदेशनायोग इति ।।३४।।

ઉપર કહેલો સર્વ ઉપદેશ શ્રોતાના મનમાં પરિણમે તો તે પછી સૂક્ષ્મ દેશનાનો વ્યાપાર કરવો. ૩૪

श्रुतधर्मकथनमिति ।।३५।।

શ્રુત–સિદ્ધાંત ધર્મનું કથન કરવું. ૩૫

बहुत्वात्परीक्षावतार इति ।।३६।।

શ્રુતધર્મ ઘણા છે, તેથી ઉત્તમ શ્રુત-ધર્મની પરીક્ષા કરવામાં પ્રવર્ત્તવું. ૩૬

कषादिप्ररूपणेति ।।३७।।

ધર્મની પરીક્ષા કરવામાં કસોટી, છેદ તથા તાપની પ્રરૂપણા કરવી. ૩૭

विधिप्रतिषेधौ कष इति ।।३८।।

વિધિ અને નિષેધ એ ધર્મની કસોટી છે. ૩૮

तत्संभवपालनाचेष्टोक्तिश्छेद इति ।।३९।।

તે વિધિ નિષેધની ઉત્પત્તિ, ઉત્પન્ન થયા પછી તેનું પાલન અને તે ઉત્પત્તિ અને પાલવાની ચેષ્ટા કહેવી તે ધર્મપરીક્ષામાં છેદને ઠેકાણે છે. ૩૯

उभयनिबंधनभाववादस्ताप इति ॥४०॥

કસોટી અને છેદના પરિણામી કારણ-રૂપ જીવાદિ ભાવની પ્રરૂપણા કરવી, તે તાપ કહેવાય છે. ૪૦

अमीषामंतरदर्शनमिति ॥४१॥

એ પરીક્ષાના ત્રણ પ્રકારનો તફાવત બતાવવો. ૪૧

कषच्छेदयोरयत्न इति ॥४२॥

કસોટી અને છેદ એ કેવલ બે પ્રકારની પરીક્ષામાં પ્રયત્ન કરવો નહીં. ૪૨

तद्भावेऽपि तापाभावेऽभाव इति ॥४३॥

કસોટી અને છેદની પરીક્ષા કરી હોય પણ જો તાપની પરીક્ષાનો અભાવ હોય તો તે બંને પરીક્ષાનો આ જાણવો. ૪૩

तच्छुद्धौ हि तत्साफल्यमिति ॥४४॥

તાપની શુદ્ધિ થવાથી તે કસોટી અને છેદની શુદ્ધિ સફલ થાય છે. ૪૪

फलवंतौ च तौ ताविति ॥४५॥

તે બંને સત્યરીતે સફલ છે. ૪૫

अन्यथा याचितकमंडनमिति ॥४६॥

જો તે બંને સફલ નથી એમ કહીએ, તો તે માગી લાવેલા આભૂષણની જેમ નિષ્ફલ થાય. ૪૬

नातत्त्ववेदिवादः सम्यग्वाद इति ॥४७॥

જે તત્ત્વવેત્તા ન હોય, તેનો વાદ સમ્યગ્વાદ ન કહેવાય. ૪૭

बंधमोक्षोपपत्तितस्तच्छुद्धिरिति ॥४८॥

બંધ તથા મોક્ષની સિદ્ધિ ઘટાવી વસ્તુ-શાદ્ધ (આત્મા)ની શુધ્ધિ વિચારવી. ૪૮

इयं बध्यमानबंधनभाव इति ।।४९।।

એ બંધમોક્ષની યુક્તિ બંધાતા એવા જીવ અને તેના બંધનપણામાં હોય છે. ૪૯

कल्पनामात्रमन्यथेति ।।५०।।

એમ જો ન કહીએ તો કલ્પના માત્રજ કહેવાય. ૫૦

बध्यमान आत्मा बंधनं वस्तुसत्कर्मेति ।।५१।।

બંધન પામનાર આત્મા અને પરમાર્થથી વિદ્યમાન કર્મ બંધન છે. ૫૧

हिंसादयस्तद्योगहेतवस्तद्धितरे
तदितरस्यति ।।५१।।

બંધના યોગનું કારણ હિંસાદિ છે અને મોક્ષના યોગનું કારણ અહિંસાદિ છે. ૫૧

प्रवाहतोऽनादिमानिति ॥५२॥

બંધ પ્રવાહથી- ૫૨ંપરાથી અનાદિ છે. ૫૨

कृतकत्वेऽप्यतीतकालवदुपपत्तिरिति ॥५३॥

કર્મનો બંધ કરાએલો છે, તે છતાં પણ અતીતકાલની પેઠે તેની ઘટના કરવી. ૫૩

वर्त्तमानताकल्पं कृतकत्वमिति ॥५४॥

વર્ત્તમાનપણા જેવું કરેલાપણું છે. ૫૪

परिणामिन्यात्मनि हिंसादयो भिन्नाभिन्ने-
ष्व देहादिति ॥५५॥

દેહથી ભિન્ન અને અભિન્ન એવા

પરિણામી આત્માને વિષે હિંસાદિક બંધના હેતુ ઘટે છે. ૫૫

अन्यथा तदयोग इति ॥५६॥

જો પરિણામી આત્મા દેહથી ભિન્ન તથા અભિન્ન ન કહીએ તો તે હિંસાદિક દોષનો તેની સાથે યોગ ન થાય. ૫૬

नित्य एवाधिकारतोऽसंभवादिति ॥५७॥

નિત્ય એવા આત્માને વિષે અધિકારથી હિંસાદિકનો સંભવ નથી. તે માટે. ૫૭

तथा–अनित्ये चापरार्हिंसनेनेति ॥५८॥

વળી જો આત્માને સર્વથા અનિત્ય કહીએ, તો બીજો કોઇ તેને હણી શકતો નથી તેથી હિંસાનો અસંભવ થશે. ૫૮

तथा-भिन्न एव देहान्न स्पृष्टवेदनमिति ॥५९॥

વળી જો આત્મા દેહથી સર્વથા ભિન્ન હોય તો સ્પર્શ કરેલા વિષયનો અનુભવ ન થાય. ૫૯

तथा-निरर्थकश्चानुग्रह इति ॥६०॥

વળી જે અનુગ્રહ તે નિષ્ફળ થાય છે. ૬૦

अभिन्न एवामरणं वैकल्यायोगादिति ॥६१॥

દેહ અને આત્માનો સર્વથા અભેદ જ માનીએ તો મરણ જ ઘટે નહીં. કારણકે વિકલપણાનો અયોગ છે. ૬૧

मरणे परलोकाभाव इति ॥६२॥

આત્માને મરણ માનવાથી પરલોકનો અભાવ થશે. ૬૨

तथा देहकृतस्यात्मनाऽनुपभोग इति ।।६३।।

જો એકાંતે દેહ અને આત્માનો ભેદ અંગીકાર કરવામાં આવે તો દેહે કરેલા કર્મનો આત્માને ઉપભોગ ન થવો જોઇએ ૬૩

तथा आत्मकृतस्य देहेनेति ।।६४।।

વળી આત્માએ કરેલા કર્મને દેહે કરી અવેદવાનો પ્રસંગ આવે. ૬૪

दृष्टेष्टबाधेति ।।६५।।

જોયેલા અને શાસ્ત્રથી સિદ્ધ કરેલા એ બંનેને છુપાવા જેવું થાય. ૬૫

अतोऽन्यथैतत्सिद्धिरिति तत्त्ववाद इति ।।६६।।

એ એકાંતવાદથી બીજી રીતે આત્માને માનવાથી હિંસાદિકની સિદ્ધિ થાય–એવો તત્ત્વવાદ છે. ૬૬

परिणामपरीक्षेति ।।६७।।

જેને તત્ત્વવાદ પ્રત્યેનો હોય, તેની પરીક્ષા કરવી. ૬૭

शुद्धे बंधभेदकथनमिति ।।६८।।

પરિણામ શુદ્ધ થતાં બંધભેદનું કથન કરવું. ૬૮

तथा वरबोधिलाभप्ररूपणेति ।।६९।।

વળી શ્રેષ્ઠ એવા બોધિલાભની પ્રરૂપણા કરવી. ૬૯

तथाभव्यत्वादितोऽसाविति ।।७०।:

તેવા પ્રકારના ભવ્યત્વાદિકથી એ સમકિતની પ્રાપ્તિ થાય છે. ૭૦

ग्रंथिभेदे नात्यंतसंक्लेश इति ।।७१।।

ગ્રંથિનો ભેદ થવાથી અતિશય સંક્લેશ થતો નથી. ૭૧

न भुयस्तद्बंधनमिति ।।७२।।

ફરીથી તે ગ્રંથિનું બંધન થતું નથી, એ હેતુ માટે. ૭૨

तथा असत्यपाये न दुर्गतिरिति ।।७३।।

વળી અપાય ન થતાં દુર્ગતિ ન થાય ૭૩

तथा विशुद्धेश्चारित्रमिति ।।७४।।

તેવી રીતે સમકિતની વિશુદ્ધિથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ૭૪

भावनातो रागादिक्षय इति ।।७५।।

ભાવનાથી રાગાદિકનો ક્ષય થાય છે. ૭૫

तद्भावेपवर्ग इति ।।७६।।

તે રાગાદિકનો ક્ષય થતાં મોક્ષ થાય છે. ૭૬

स आत्यंतिको दुःखविगम इति ॥७७॥

અત્યંતપણે સર્વ દુઃખનો નાશ થવો તે મોક્ષ કહેવાય છે. ૭૭

एवं संवेगकृद्धर्म आख्येयो मुनिना परः ।
यथाबोधं हि शुश्रुषोर्भावितेन महात्मना ॥७८॥

એ પ્રકારે ધર્મની વાસનાથી ભાવિત એવા મહાત્મા મુનિએ સાંભળવાની ઇચ્છા-વાળા એવા પુરૂષને સંવેગને કરનારો તે શ્રેષ્ઠ ધર્મ તે પોતાના બોધ પ્રમાણે નિશ્ચે કહેવો. ૭૮

अबोधेऽपि फलं प्रोक्तं श्रोतॄणां मुनिसत्तमैः
कथकस्य विधानेन नियमाच्छुद्धचेतसः ॥७९॥

શ્રોતા પુરૂષોને બોધ ઉત્પન્ન ન થાય તો પણ શુદ્ધ ચિત્તવાળો ધર્મનો વક્તા જો વિધિ સહિત ધર્મદેશના રૂપ ક્રિયા કરે છે,

તો તેને નિશ્ચે ફળ થાય છે, એમ મોટા મુનિઓએ કહેલું છે. ૭૯

नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित् ।
यादृशी दुःखविच्छेदाद्देहिनां धर्मदेशना ॥८०॥

પ્રાણીઓને દુઃખનો વિચ્છેદ કરવાથી ધર્મદેશના જેવો ઉપકાર કરે છે. તેવો બીજો ઉપકાર આ જગતમાં નથી. ૮૦

इति देशनाविधिर्नाम द्वितीयोऽध्यायः ॥२॥

।। तृतीयः अध्यायः ।।

सद्धर्मश्रवणादेवं नरो विगतकल्मषः ।
ज्ञाततत्त्वो महासत्त्वः परं संवेगमागतः ।१। इति

એ પ્રમાણે સદ્ધર્મના શ્રવણથી જેનું પાપ ગયેલું છે અને જેણે તત્ત્વને જાણેલું છે, અને જે મોટા પરાક્રમવાળો છે, એવો શ્રોતા પુરૂષ ઉત્કૃષ્ટ સંવેગને પામેલો જે તે. ૧

धर्मोपादेयतां ज्ञात्वा सञ्जातेच्छोऽत्र भावतः ।
दृढं स्वशक्तिमालोच्य ग्रहणे संप्रवर्त्तते ।।२।। इति

'ધર્મ ગ્રહણ કરવા યોગ્ય છે' એમ જાણીને એ ધર્મને વિષે ભાવથી જેની ઇચ્છા થયેલ છે એવો તે પુરૂષ પોતાની શક્તિનો દૃઢ વિચાર કરીને ધર્મને ગ્રહણ કરવાને વિષે પ્રવર્ત્તે છે. ૨

योग्यो ह्येनंविधः प्रोक्तो जिनैः परहितोद्यतैः ।
फलसाधनभावेन नातोऽन्यः परमार्थतः ॥२॥

બીજાના હિતમાં ઉદ્યમવંત એવા જિનેશ્વરોએ ફળ સાધનના ભાવથી એવા પુરૂષને જ યોગ્ય કહયેા છે, તે સિવાયના બીજા પુરૂષોને પરમાર્થપણે યોગ્ય પુરૂષ કહ્યેા નથી. ૩

इति सद्धर्मग्रहणार्हं उक्तः । सांप्रतं
तत्प्रदानविधिमनुवर्णयिष्याम इति ॥४॥

એવી રીતે સદ્ધર્મને ગ્રહણ કરવાને યોગ્ય એવેા પુરૂષ કહેલેા છે. હવે તે ધર્મને આપવાના વિધિનું વર્ણન કરીશું. ૪

धर्मग्रहणं हि सत्प्रतिपत्तिमद्विमल-
भावकारणमिति ॥ ५ ॥

ધર્મનું ગ્રહણ સારી પ્રતિપત્તિવાળું હોવાથી નિર્મળ ભાવનું કારણ છે. ૫

तच्च प्रायो जिनवचनतो विधिनेति ॥६॥

તે ધર્મનું ગ્રહણ પ્રાયે કરીને જિન પરમાત્માના વચનથી વિધિવડે થાય છે. ૬

इति प्रदानफलवत्तेति ॥७॥

એ પ્રકારે ધર્મનું દાન સફળ થાય છે. ૭

सति सम्यग्दर्शने न्याय्यमणुव्रतादीनां ग्रहणं नान्यथेति ॥ ८ ॥

સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અણુવ્રત વગેરેનું ગ્રહણ કરવું ઘટિત (ન્યાય) છે, પણ અન્યથા નહીં. ૮

जिनवचनश्रवणादेः कर्मक्षयोपशमादितः सम्यग्दर्शनमिति ॥ ९ ॥

જિનવચનના શ્રવણાદિકથી અને કર્મના ક્ષયોપશમ વગેરેથી સમ્યગ્દર્શન થાય છે. ૯

प्रशमसंवेगनिर्वेदानुकंपास्तिक्याभिव्यक्तिलक्षणं तदिति ।। १० ।।

પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય તેણે કરીને પ્રગટ થવા રૂપ છે લક્ષણ જેનું તે સમ્યગ્દર્શન છે. ૧૦

उत्तमधर्मप्रतिपत्त्यसहिष्णोस्तत्कथनपूर्वमुपस्थितस्य विधिनाणुव्रतादिदानमिति ।। ११ ।।

ઉત્તમધર્મ–યતિધર્મને ગ્રહણ કરવાને અસમર્થ અને પોતાની પાસે આવેલા એવા પુરૂષને તે અણુવ્રતના સ્વરૂપને સમજાવી વિધિવડે તે અણુવ્રત વગેરેનુ દાન કરવું ૧૧

सहिष्णोः प्रयोगेऽन्तराय इति ।।१२।।

સમર્થને અણુવ્રતાદિ આપવાનો પ્રયોગ કરવાથી યતિધર્મમાં અંતરાય કર્યો એમ જાણવું. ૧૨

अनुमतिश्चेतरत्रेति ।। १३ ।।

શ્રાવક ધર્મને વિષે રહેલા સાવદ્ય અંશની અનુમોદના કરવાનો દોષ આવે. ૧૩

अकथन उभयाफल आज्ञाभंग इति ।।१४।।

ન કહેવાથી બંને ધર્મના ફળથી રહિત એવો આજ્ઞાનો ભંગ થાય છે. ૧૪

भगवद्वचनप्रामाण्यादुपस्थितदाने
दोषाभाव इति ।। १५ ।।

ભગવાનના વચનનાં પ્રમાણથી અણુવ્રત લેવા પ્રાપ્ત થયેલા પ્રાણીને તે અણુવ્રત આપવાથી દોષ લાગતો નથી. ૧૫

गृहपतिपुत्रमोक्षज्ञातादिति ।।१६।।

ગૃહપતિના પુત્રને મુકાવવાના દૃષ્ટાંત ઉપરથી તે જાણી લેવું. ૧૬

योगवंदननिमित्तदिगाकारशुद्धिर्विधिरिति ।।१७।

યોગશુદ્ધિ, વંદનશુદ્ધિ, નિમિત્તશુદ્ધિ, દિક્‌શુદ્ધિ અને આકાર [આગાર] શુદ્ધિ–એ સર્વ શુદ્ધિ કરવી તે અણુવ્રતાદિકની પ્રાપ્તિને માટે વિધિ છે. ૧૭

तथा उचितोपचारश्चेति ।।१८।।

વળી દેવગુરૂ વગેરેને ઘટે તેવો ઉપચાર કરવો. ૧૮

स्थूलप्राणातिपातादिभ्यो विरतिरणुव्रतानि पंचेति ।। १९ ।।

સ્થૂલ હિંસા વગેરેથી વિરામ પામવું, તે પાંચ અણુવ્રત કહેવાય છે. ૧૯

अथ दिग्व्रतभोगोपभोगमानानर्थदंडविरतयस्त्रीणि गुणव्रतानीति ।। १० ।।

दिशापरिमाणव्रत, भोगोपभोगनुं प्रमाण, अने अनर्थदंडथी विराम पामवुं, ए त्रण गुणव्रत कहेवाय छे. १०

तथा सामायिकदेशावकासिकपोषधोपवासातिथिसंविभागाश्चत्वारि शिक्षापदानीति ।।११।।

१ सामायिक, २ देशावकाशिक, ३ पोषध अने ४ अतिथिसंविभाग, एम चार शिक्षाव्रत छे. ११

ततश्च एतदारोपणं दानं यथार्हं साकल्यवैकल्याभ्यामिति ।।१२।।

ते माटे जेम घटे तेम सकलपणे अने विकलपणे एटले सर्व अणुव्रत अथवा एक

બે વ્રત-એમ આપી જે વ્રતનું આરોપણ કરવું તે વ્રતદાન કહેવાય છે. ૨૨

गृहीतेष्वनतिचारपालनमिति ।।२३।।

તે વ્રત ગ્રહણ કરીને અનતિચારનું પાલન કરવું એટલે અતિચાર ન લાગવા દેવા. ૨૩

शंकाकांक्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसा संस्तवाः सम्यग्दृष्टेरतिचारा इति ।।२४।।

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્ય દૃષ્ટિની પ્રશંસા કરવી, તેમનો પરિચય કરવો—એ સમ્યગ્ દૃષ્ટિવાળા પુરૂષને અતિચાર છે. ૨૪

तथा व्रतशीलेषु पंच पंच यथा क्रममिति ।२५।

વળી અણુવ્રત તથા શીલવ્રતને વિષે પાંચ પાંચ અતિચાર હોય છે. ૨૫

बंधवधच्छेदविच्छदातिभारारोपणान्नपान-
निरोधा इति ॥२६॥

૧ બાંધવું. ૨ તાડન કરવું. ૩ શરીરને છેદવું. ૪ અતિ ભાર ભરવો અને, ૫ અન્ન પાનનો અટકાવ કરવો-એ પાંચ અતિચાર પહેલા અણુવ્રતને વિષે જાણવા. ૨૬

मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रिया-
न्यासापहारस्वदारमंत्रभेदा इति ॥२७॥

૧ મિથ્યા ઉપદેશ. ૨ રહસ્ય કહેવું. ૩ ખોટા લેખ કરવા. ૪ થાપણ ઓળવવી. અને, ૫ પોતાની સ્ત્રીના ગુપ્ત વિચારને બાહેર પ્રકાશવા, એ પાંચ અતિચાર છે. ૨૭

स्तेनप्रयोग-तदाहृतादान-विरुद्धराज्यातिक्रम
हीनाधिकमानोन्मान-प्रतिरूपकव्यवहारा इति
॥२८॥

૧ ચોરને મદદ આપવી, ૨ ચોરેલી વસ્તુને સંઘરવી, ૩ પોતાના રાજાના વિરોધી-શત્રુના રાજ્યમાં અતિક્રમણ કરવું, ૪ વધારે ઓછા લેવા દેવાને માટે ખોટા માપ રાખવા, ૫ હલકી વસ્તુ આપી તેના જેવી દેખાતી ભારે વસ્તુ લઈ લેવા રૂપ બેપાર કરવો. ૨૮

परविवाहकरणे त्वरपरिगृहीतापरिगृहीतागमनानंगक्रीडातीव्रकामाभिलाषा इति ॥२९॥

પારકા છોકરાનો વિવાહ કરી આપવો તથા પૈસા આપી રાખેલી વેશ્યા તથા અન્ય સ્ત્રી સાથે સંભોગ કરવો, લિંગ તથા યોનિ સિવાય બીજા અંગનો સંભોગ કરવો, મૈથુનની તીવ્ર અભિલાષા-એ પાંચ અતિચાર કહેલા છે. ૨૯

क्षेत्रवास्तु-हिरण्यसुवर्ण-धनधान्य-दासीदास कुप्यप्रमाणातिक्रमा इति ॥३०॥

ખેતર ઘર, રૂપું સોનું, ધન ધાન્ય, દાસી દાસ, અને આસન શય્યા વગેરેનું જે પ્રમાણે કર્યું હોય, તેનું અતિક્રમણ કરવું એ પાંચ અતિચાર પાંચમા અણુવ્રતને વિષે જાણવા. ૩૦

ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यंतर्धानानीति ॥३१॥

ઉંચું, નીચું, તિરછું, જે ક્ષેત્ર તેનો વ્યતિક્રમ કરવો, એ ત્રણ અતિચાર, ક્ષેત્રની વૃદ્ધિ કરવી-અને સ્મરણનો નાશ થવો-એ બે અતિચાર-કુલ પાંચ અતિચાર પહેલા દિગ્વ્રતને વિષે જાણવા. ૩૧

सचित्त-संबद्ध-संमिश्रा-भिषव-दुःपक्वाहारा इति ॥३२॥

૧ સચિત્ત, ૨ સચિત્ત સાથે બંધાએલું ૩ સચિત્ત સાથે મિશ્રણ થયેલું, ૪ મદિરાના સંધાન વગેરેની સાથે મળેલું અને ૫ અડધું કાચું અને અડધુ પાકું—એ પાંચ પ્રકારના અતિચાર જાણવા. ૩૨

कंदर्पकौकुच्य-मौखर्या-समीक्ष्याधिकरणोपभोगाधिक्त्वानीति ॥३३॥

૧ કામને ઉદ્દીપન કરવો, ૨ નેત્રાદિકની વિડંબન ક્રિયા, ૩ વાચાલપણું, ૪ અવિચારે અધિકરણ અને ૫ ઉપભોગમાં અધિકપણું એ પાંચ અતિચાર જાણવા.

योगदुःप्रणिधानानादरस्मृत्यनुपस्थापनानीति
॥३४॥

મન, વચન અને કાયાના યોગનું પાપ માર્ગે પ્રવર્ત્તવું, તે દુઃપ્રણિધાન ૩ અનાદર ૪ અને સ્મૃતિ–સ્મરણનો નાશ એ પાંચ પહેલા શિક્ષાવ્રત (સામાયિક)ના અતિચાર જાણવા. ૩૪

आनयन–प्रेष्यप्रयोग–शब्द-रूपानुपात-पुद्गलक्षेपाः
इति ॥३५॥

૧ પોતે નિયમિત કરેલા ક્ષેત્રની બાહેર રહેલા ક્ષેત્રથી મંગાવવું. ૨ તેવી રીતના ક્ષેત્રમાં સેવકને મોકલવો, ૩ શબ્દ સંભળાવવો, ૪ રૂપ દેખાડવું, ૫ કાંકરા પ્રમુખ પુદ્ગલ નાંખી સમજુતી આપવી–એ પાંચ અતિચાર જાણવા. ૩૫

अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्ता-
रोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानीति ॥३६॥

૧ ન જોયેલા તથા ન પ્રમાર્જેલા સ્થાનને વિષે મલમૂત્રાદિ પરઠવવા, ૨ તેવા સ્થાનમાં ધર્મના ઉપકરણ લેવા તથા મૂકવા ૩ સંથારાને જોયા વિના તથા પ્રમાર્જ્યા વિના તેનો ઉપયોગ કરવો. ૪ પૌષધ ઉપવાસનો અનાદર કરવો અને ૫ સ્મૃતિ–સ્મરણનું અનુસંધાન ન રાખવું. એ પાંચ ત્રીજા શિક્ષાવ્રતના અતિચાર કહેવાય છે. ૩૬

सचित्तनिक्षेप–पिधान–परव्यपदेशमात्सर्य
कालातिक्रमा इति ३७

૧ સાધુને આપવા યોગ્ય વસ્તુને સચિત્ત ઉપર મૂકવી. ૨ તેને સચિત્ત વસ્તુવડે

ઢાંકવી. ૩ પોતાની વસ્તુને પારકી વસ્તુ કહેવી. ૪ મત્સરભાવ રાખવો અને ૫ કાલનો અતિક્રમ કરવો એ પાંચ અતિચાર છે. ૩૭

एतद्रहिताणुव्रतादिपालनं विशेषतो गृहस्थधर्म इति ॥३८॥

એ અતિચારરહિત અણુવ્રત વગેરેને પાળવા તે ગૃહસ્થનો વિશેષ ધર્મ જાણવો. ૩૮

क्लिष्टकर्मोदयादतिचारा इति ॥३९॥

ક્લિષ્ટ કર્મના ઉદયથી અતિચાર થાય છે. ૩૯

विहितानुष्ठानवीर्यतस्तज्जय इति ॥४०॥

અંગીકાર કરેલા સમ્યક્ત્વ વગેરેના આચરણથી (સામર્થ્યથી) તે અતિચારનો જય થાય છે. ૪૦

अत एव तस्मिन् यत्न इति ॥४१॥

એજ કારણ માટે તે અનુષ્ઠાનને વિષે પ્રયત્ન કરવો. ૪૧

सामान्यचर्यास्येति ॥४२॥

પૂર્વે કહેલા ગૃહસ્થ પુરૂષની સામાન્ય ચેષ્ટા જાણવી. ૪૨

समानधार्मिकमध्ये वास इति ॥४३॥

સરખા ધર્મવાળા પુરૂષોની વચ્ચે નિવાસ કરે. ૪૩

तथा वात्सल्यमेतेष्विति ॥४४॥

વળી એ સાધર્મીજ જનો ઉપર વાત્સલ્ય રાખવું. ૪૪

तथा धर्मचिंतया स्वपनमिति ॥४५॥

ધર્મની ચિંતા વડે શયન કરવું. ૪૫

तथा नमस्कारेणावबोध इति ॥४६॥

નમસ્કાર (નવકાર) મંત્ર કહેતાં કહેતાં જાગવું. ૪૬

तथा-प्रयत्नकृतावश्यकस्य विधिना चैत्यादिवंदनमिति ॥४७॥

પ્રયત્ન વડે કર્યું છે આવશ્યક જેણે એવા પુરૂષે વિધિ વડે ચૈત્યાદિકનું વંદન કરવું. ૪૭

तथा सम्यक्प्रत्याख्यानक्रियेति ॥४८॥

વળી સમ્યક્ પ્રકારે પચ્ચક્ખાણની ક્રિયા કરવી. ૪૮

तथा—यथोचितं चैत्यगृहगमनमिति ॥४९॥

જેમ ઘટે તેમ ચૈત્યગૃહમાં ગમન કરવું ૪૯

तथा विधिनानुप्रवेश इति ।।૫૦।।

વિધિવડે ચૈત્યગૃહમાં પ્રવેશ કરવો. ૫૦

तत्र च–उचितोपचारकरणमिति ।।૫૧।।

વળી તે ચૈત્યને વિષે ઉંચિત એવો ઉપચાર કરવો. ૫૧

ततो भावतस्तवपाठ इति ।।૫૨।।

તે પછી ભાવથી સ્તવનનો પાઠ કરવો. ૫૨

ततश्चैत्यसाधुवंदनमिति ।।૫૩।।

તે પછી ચૈત્ય–અરિહંતના બિંબને તથા સાધુને વંદના કરવી. ૫૩

ततः गुरुसमीपे प्रत्याख्यानाभिव्यक्तिरिति ।૫૪।

તે પછી ઉત્તમ ગુરૂની સમીપે પચ્ચક્ખાણની સ્પષ્ટતા કરે–ઉચ્ચરે. ૫૪

ततो जिनवचनश्रवणे नियोग इति ।।५५।।

તે પછી જિન વચનને સાંભળવાનો નિયમ કરવો. ૫૫

ततः सम्यक्तदर्थालोचनमिति ।।५६।।

તે પછી તે જિનવચનના અર્થનો સારી રીતે વિચાર કરવો. ૫૬

ततः आगमैकपरतेति ।।५७।।

તે પછી જિનાગમનું જ પ્રધાનપણું રાખવું. ૫૭

ततः श्रुतशक्यपालनमिति ।।५८।।

આગમથી સાંભળેલા અને પોતાથી થઇ શકે એવા અનુષ્ઠાનનું પાલન કરવું. ૫૮

तथा अशक्ये भावप्रतिबंध इति ।।५९।।

પોતાની શક્તિથી ન બની શકે એવા અનુષ્ઠાનને વિષે ભાવ રાખવો. ૫૯

तथा तत्कर्त्तृषु प्रशंसोपचाराविति ।।६०।।

તે અશકય અનુષ્ઠાનને કરનારા પુરૂષોની પ્રશંસા કરવી અને તેમને સહાય આપવી. ૬૦

तथा निपुणभावचिंतनमिति ।।६१।।

સૂક્ષ્મ બુદ્ધિ વડે જાણવા યોગ્ય એવા પદાર્થોનું ચિંતવન કરવું. ૬૧

तथा गुरुसमीपे प्रश्न इति ।।६२।।

ગુરૂ સમીપે પ્રશ્ન પુછવા. ૬૨

तथा निर्णयावधारणमिति ।।६३।।

ગુરૂએ નિર્ણય કરેલા અર્થનું અવધારણ કરવું. ૬૩

तथा ग्लानादिकार्याभियोग इति ।।६४।।

ગ્લાનાદિકના કાર્યને વિષે સાવધાનપણું રાખવું. ૬૪

तथा कृताकृतप्रत्युपेक्षेति ।।६४।।

કરેલા કામની અને ન કરેલા કામની તજવીજ કરવી. ૬૫

ततश्च उचितवेलयागमनमिति ।।६६।।

તે પછી યોગ્ય વેલાએ ઘેર આવવું. ૬૬

ततो धर्मप्रधानो व्यवहार इति ।।६७।।

તે પછી ધર્મ જેમાં મુખ્ય છે, એવો વ્યવહાર કરવો. ૬૭

तथा द्रव्ये संतोषपरतेति ।।६८।।

દ્રવ્યને વિષે સંતોષ મુખ્ય રાખવો. ૬૮

तथा धर्मे धनबुद्धिरिति ।।६९।।

ધર્મને વિષે ધનબુદ્ધિ રાખવી. ૬૯

तथा शासनोन्नतिकरणमिति ।।७०।।

જિન શાસનની ઉન્નતિ કરવી. ૭૦

तथा विभवोचितं विधिना क्षेत्रदानमिति ।७१।

પોતાના વૈભવ પ્રમાણે વિધિવડે ક્ષેત્રને દાન કરે. ૭૧

सत्कारार्थिविधिर्निःसंगता चेति ।।७२।।

સત્કાર વગેરે કરવા અને મોક્ષ વિના બીજી ઇચ્છા ન રાખવી તે વિધિ કહેવાય છે. ૭૨

वीतरागधर्मसाधवः क्षेत्रमिति ।।७३।।

વીતરાગના ધર્મથી યુકત એવા સાધુઓ તે ક્ષેત્ર કહેવાય છે. ૭૩

तथा दुःखितेष्वनुकंपा यथाशक्ति द्रव्यतो भावतश्चेति ।। ७४ ।।

દુઃખી પુરૂષોની ઉપર દ્રવ્યથી અને ભાવથી પોતાની શકિત પ્રમાણે અનુકંપા કરવી. ૭૪

तथा लोकापवादभीरूतेति ।। ७५ ।।

લોકાપવાદથી ભય રાખવો. ૭૫

तथा गुरुलाघवापेक्षणमिति ।। ७६ ।।

સર્વમાં ગુરૂ લાઘવની અપેક્ષા રાખવી. ૭૬

बहुगुणे प्रवृत्तिरिति ।। ७७ ।।

જેમાં દોષ થોડા હોય અને ગુણ ઘણા હોય, તેમાં પ્રવૃત્તિ કરવી. ૭૭

तथा चैत्यादिपूजापुरःसरं भोजनमिति ।।७८।।

ચૈત્યાદિકની પૂજા કર્યા પછી ભોજન કરવું. ૭૮

तथा तदन्वेव प्रत्याख्यानक्रियेति ।। ७९ ।।

ભોજન કર્યા પછી પચ્ચખાણ ક્રિયા કરવી. ૭૯

तथा शरीरस्थितौ प्रयत्न इति ।। ८० ।।

શરીરની સ્થિતિને વિષે પ્રયત્ન કરવો. ૮૦

तथा तदुत्तरकार्यचिंतेति ।। ८१ ।।

તે શરીરની સ્થિતિ માટે ઉત્તરકાળે કરવાના કાર્યોની ચિંતા કરવી. ૮૧

तथा कुशलभावनायां प्रबंध इति ।।८२।।

સર્વની કુશળ ભાવનામાં અતિશય ચિત્તવૃત્તિ કરવી. ૮૨

तथा शिष्टचरितश्रवणमिति ।। ८३ ।।

શિષ્ટ પુરૂષોના ચરિત્રોનું શ્રવણ કરવું. ૮૩

तथा सांध्यविधिपालनेति ।। ८४ ।।

સંધ્યાકાલના વિધિનું પાલન કરવું. ૮૪

यथोचितं तत्प्रतिपत्तिरिति ।। ८५ ।।

યથાશક્તિ સંધ્યાકાલના વિધિનો અંગીકાર કરવો. ૮૫

पूजापुरस्सरं चैत्यादिवंदनमिति ।। ८६ ।।

સંધ્યાકાળ સંબંધી પૂજા કરવા પૂર્વક ચૈત્યાદિકનું વંદન કરવું. ૮૬

तथा—साधुविश्रामणक्रियेति ।।८७।।

સાધુને વિશ્રામ આપવાની ક્રિયા કરવી.૮૭

तथा योगाभ्यास इति ।।८८।।

યોગનો અભ્યાસ કરવો. ૮૮

तथा नमस्कारादिचिंतनमिति ।।८९।।

નમસ્કાર પ્રમુખનું ચિંતવન કરવું. ૮૯

तथा प्रशस्तभावक्रियेति ।।९०।।

વખાણવા યોગ્ય (ભાવ) અંતઃકરણ કરવું. ૯૦

तथा भवस्थितिप्रेक्षणमिति ।।९१।।

સંસારની સ્થિતિનો વિચાર કરવો. ૯૧

तदनु तन्नैर्गुण्यभावनेति ।।૯૨।।

તે પછી આ ભવ સ્થિતિની અસારતાનું ચિંતવન કરવું. ૯૨

तथा अपवर्गालोचनमिति ।।૯૩।।

મુક્તિની આલોચના કરવી. ૯૩

तथा श्रामण्यानुराग इति ।।૯૪।।

સાધુપણાને વિષે અનુરાગ કરવો. ૯૪

तथा यथोचितं गुणवृद्धिरिति ।।૯૫।।

જેમ ઘટે તેમ ગુણોની વૃદ્ધિ કરવી. ૯૫

तथा सत्त्वादिषु मैत्र्यादियोग इतीति ।।૯૬।।

સર્વ જીવોને વિષે મૈત્રી વગેરે ચાર ભાવનાનો યોગ કરવો. ૯૬

विशेषतो गृहस्थस्य धर्म उक्तो जिनोत्तमैः ।
एवं सद्भावनासारः परं चारित्रकारणम् ।।૯૭।।

શ્રી જિનભગવંતે શ્રેષ્ઠ ભાવનામાં પ્રધાન અને ચારિત્ર પામવાના ઉત્કૃષ્ટ કારણરૂપ

એવો ગૃહસ્થનો વિશેષ ધર્મ આ પ્રમાણે કહ્યો છે. ૯૭

पदंपदेन मेधावी यथारोहति पर्वतम् ।
सम्यक् तथैव नियमाद्धी रश्चारित्रपर्वतम्।।९८।।

જેમ કોઈ બુદ્ધિમાન્ પુરૂષ પગલે પગલે બહુ સારી રીતે પર્વત ઉપર ચઢી જાય છે, તેમ ધીર પુરૂષ નિયમોએ કરી ચારિત્રરૂપી પર્વત ઉપર ચઢી જાય છે. ૯૮

स्तोकान् गुणान्समाराध्य बहूनामपि जायते ।
यस्मादाराधनायोग्यस्तस्मादादावयं मतः ।।९९।।

થોડા ગુણોની આરાધના કરીને ઘણાં ગુણોની આરાધના કરવાને યોગ્ય છે. તે માટે પ્રથમ ગૃહસ્થનો વિશેષ ધર્મ પાળવો એમ માન્યું છે—અર્થાત્ એજ કારણથી ગૃહસ્થનો વિશેષ ધર્મ પ્રથમ કહ્યો છે. ૯૯

गृहस्थधर्मविधिस्तृतीयोऽध्यायः ।।३।।

॥ चतुर्थः अध्यायः ॥

सांप्रत चतुर्थं आरभ्यते । तस्य चेदमादिसूत्रम् ।
एवं विधिसमायुक्तः सेवमानो गृहाश्रमम् ।
चारित्रमोहनीयेन मुच्यते कापकर्मणा ॥१॥

આ પ્રમાણે વિધિએ સહિત ગૃહસ્થાશ્રમને સેવતો એવો પુરુષ ચારિત્ર મોહનીય રૂપ પાપ કર્મથી મુકાય છે. ૧

सदाज्ञाराधना योगाद्भाव शुद्धेर्नियोगतः ।
उपायसंप्रवृत्तेश्च सम्यक्चारित्ररागतः ॥२॥

સત્ એવા આજ્ઞાના આરાધનના યોગથી થયેલી નિયમાએ ભાવ શુદ્ધિ અને સમ્યક્ પ્રકારે ચારિત્રના રાગથી થયેલ ઉપાયને વિષે દૃઢ પ્રવૃત્તિ થવાથી તે ચારિત્ર મોહનીય કર્મથી મુકાય છે. ૨

विशुद्धं सदनुष्ठानं स्तोकमप्यर्हतां मतम् ।
तत्त्वेन तेन च प्रत्याख्यानं ज्ञात्वा सुबह्वपि ।।३।।

શુદ્ધ એવું સત્ અનુષ્ઠાન થોડું હોય તો પણ તે તત્ત્વે કરીને શુદ્ધ હોવાથી શ્રી અરિહંત પ્રભુને માન્ય છે. તે કારણથી પ્રત્યાખ્યાનને ગુરૂની સમીપે જાણી ઘણું પણ અનુષ્ઠાન કરે છે. ૩.

इति विशेषतो गृहस्थधर्म उक्तः सांप्रतं यतिधर्मावसर इति यतिमनुवर्णयिष्याम इति ।४।

એવી રીતે ગૃહસ્થનો વિશેષ ધર્મ કહ્યો. હવે યતિ ધર્મ કહેવાનો અવસર છે, માટે, પ્રથમ યતિનું વર્ણન કરીશું. ૪

अर्हो अर्हत्समीपे विधिप्रव्रजितो यतिरिति ।।५।।

પોતે દીક્ષા લેવાને યોગ્ય હોય અને યોગ્ય પુરૂષની સમીપે વિધિવડે દીક્ષા લી ।। હોય તે યતિ કહેવાય છે. ૫

अथ प्रव्रज्यार्हः आर्यदेशोत्पन्नः विशिष्टजातिकुलान्वितः क्षीणप्रायकर्ममलः तत एव विमलबुद्धिः दुर्लभं मानुष्यं जन्म मरणनिमित्तं संपदश्चपलाः विषया दुःखहेतवः संयोगे वियोगः प्रतिक्षणं मरणं दारुणो विपाकः इत्यवगतसंसारनैर्गुण्यः तत एव तद्विरक्तः प्रतनुकषायः अल्पहास्यादिः कृतज्ञः विनीतः प्रागपि राजामात्यपौरजनबहुमतः अद्रोहकारी कल्याणांगः श्राद्धः स्थिरः समुपसंपन्नश्चेति ॥६॥

દીક્ષા લેવાને યોગ્ય એવા પુરૂષના લક્ષણો આ પ્રમાણે છે. ૧ આર્ય દેશમાં ઉત્પન્ન થયેલો, ૨ વિશિષ્ટ જાતિ તથા કુળવાળો, ૩ જેના કર્મમલ લગભગ ક્ષીણ થયેલા છે એવો, ૪ એથી કરીને નિર્મળ બુદ્ધિવાળો, ૫ આ મનુષ્ય જન્મ દુર્લભ છે, જન્મ તે મરણનું નિમિત્ત છે, સંપત્તિઓ ચપળ છે,

વિષયો દુઃખના હેતુરૂપ છે, સંયોગમાં વિયોગ રહેલો છે, અને ક્ષણે ક્ષણે મરણ થયાજ કરે છે, મરણનો વિપાક ઘણો દારૂણ છે, આ પ્રમાણે સંસારનું નિર્ગુણપણું જેણે જાણેલું છે. ૬ તે કારણવડે સંસારથી વિરક્ત થયેલો, ૭ ઓછા કષાયવાળો, ૮ થોડા હાસ્યાદિ કરનારો, ૯ કર્યા ગુણનો જાણુ, ૧૦ વિનયવંત, ૧૧ દીક્ષા લીધા પહેલા પણ રાજા, મંત્રી અને પૌરજનોએ બહુમાન કરેલો, ૧૨ કોઇનો દ્રોહ નહીં કરનાર, ૧૩ કલ્યાકારી અંગવાળો, ૧૪ શ્રદ્ધાળુ, સ્થિરતાવાળો અને ૧૬ આત્મ સમર્પણ કરવા ગુરૂની શરણે આવેલો આવા લક્ષણવાળો પુરૂષ દીક્ષા લેવાને યોગ્ય છે. ૬

गुरुपदार्ह इत्थंभूत एव विधिप्रतिपन्नप्रव्रज्यः

समुपासितगुरुकुलः अस्खलितशीलः सम्यगधीतागमा तत एव विमलतरबोधात्तत्त्ववेदी उपशांतः प्रवचनवत्सलः सत्त्वहितरतः आदेयः अनुवर्त्तकः गंभीरः अविषादी उपशमलब्ध्यादिसंपन्नः प्रवचनार्थवक्ता स्वगुर्वनुज्ञातगुरुपदश्चेतीति ।।।७।

ગુરૂપદને યોગ્ય એવો પુરૂષ આવો હોય તે કહે છે.

૧ વિધિએ કરી દીક્ષા અંગીકાર કરેલી છે જેણે તેવો, ૨ ગુરૂ કુળની સારી રીતે ઉપાસના કરનાર, ૩ અસ્ખલિતપણે શીળ પાળનાર, ૪ સારી રીતે આગમનું અધ્યયન કરનાર, ૫ તેથીજ અતિશય બોધથી તત્ત્વને જાણનાર, ૬ ઉપશાંત, ૭ સંઘનું હિત કરનાર, ૮ પ્રાણી માત્રના હિતમાં આસકત, ૯ જેનું વચન ગ્રહણ કરવા યોગ્ય

છે એવો, ૧૦ ગુણી પુરૂષોને અનુસરનાર, ૧૧ ગંભીર, ૧૨ ખેદ (વિખવાદ) રહિત, ૧૩ ઉપશમ લબ્ધિ વિગેરે ગુણોએ સહિત, ૧૩ પ્રવચનના અર્થનો વક્તા, ૧૪ પોતાના ગુરૂએ જેને પદ આપેલું છે એવો પુરૂષ ગુરૂપદને યોગ્ય છે. ૭.

पादार्द्धगुणहीनो मध्यमाऽवरावितिः ॥૧૮॥

પૂર્વે જે ગુણ કહ્યા તેમાંથી ચોથા ભાગના ઓછા હોય તો તે મધ્યમ અને અર્ધા ગુણ ઓછા હોય તો તે જઘન્ય જાણવો. ૮

नियम एवार्यमिति चायुरिति ॥૧૯॥

દીક્ષા લેનાર અને દીક્ષા આપનારને વિષે પૂર્વે કહેલા સમગ્ર ગુણો નિયમાએ

હોવા જોઇએ એ વાયુ નામે પ્રવાદી પુરૂષનો મત છે. ૯

समग्रगुणसाध्यस्य तदर्द्धभावेऽपि तत्सिद्धयसंभवादिति ॥१०॥

કારણ કે, સમગ્ર ગુણવડે સાધવા યોગ્ય એવા કાર્યની સિદ્ધિનો અર્ધ ગુણ છતાં અસંભવ છે. ૧૦

नैतदेवमिति वाल्मीकिरिति ॥११॥

જેમ વાયુએ કહ્યું, તેમ નથી, એમ વાલ્મીકિ કહે છે. ૧૧

निर्गुणस्य कथंचित्तद्गुणभावोपपत्तेरिति ॥१२॥

ગુણ રહિત એવા આત્માને કોઇ પ્રકારે તે ભાવની પ્રાપ્તિ થાય છે. ૧૨

अकारणमेतदिति व्यास इति ॥१३॥

વાલ્મીકિનું કહેવું અકારણ (નિષ્ફલ) છે, એમ વ્યાસ કહે છે. ૧૩

गुणमात्रासिद्धौ गुणांतरभावनियमाभावा-
दिति ॥१४॥

ગુણ માત્રની અસિદ્ધિ થતાં, બીજા વિશેષ ગુણની ઉત્પત્તિનો નિયમાએ અભાવ છે. ૧૪.

नैतदेवमिति सम्राडिति ॥१५॥

એ વ્યાસનું કહેવું એજ પ્રકારે છે, એમ નથી. એમ સમ્રાટ નામે રાજર્ષિ કહે છે. ૧૫

संभवादेव श्रेयस्त्वसिद्धेरिति ॥१६॥

યોગ્યપણાના સંભવથી શ્રેયપણાની સિદ્ધિ થાય છે. ૧૬

यत्किंचिदेतदिति नारद इति ।।१७।।

સમ્રાટ્ નામના રાજર્ષિનું કહેવું યોગ્ય નથી, એમ નારદ કહે છે. ૧૭

गुणमात्राद्गुणांतरभावेऽप्युत्कर्षायोगादिति ।१८।

યોગ્યતા માત્ર ગુણથી બીજા ગુણનો ભાવ થતાં પણ ઉત્કર્ષનો યોગ ન થાય ૧૮

अयुक्तं कार्षापणधनस्य तदन्यविटपनेऽपि कोटिव्यवहारारोपणमिति क्षीरकदम्ब इति ।१५।

કાર્ષાપણ ધનવાળાને બીજા ઘણા કાર્ષાપણ ધનની વૃદ્ધિ થાય, તોપણ તેનામાં કોટી ધ્વજના વ્યવહારનું આરોપણ કરવું; તે અયુક્ત છે. એમ ક્ષીરકદંબક કહે છે. ૧૯

न दोषो योग्यतायामिति विश्व इति ।।२०।।

યોગ્યતાને વિષે દોષ નથી એમ વિશ્વ નામે પ્રવાદી કહે છે. ૨૦

अन्यतरवैकल्येऽपि गुणबाहुल्यमेव सा तत्त्वत इति सुरगुरुरिति ॥२१॥

કોઇ ગુણનું વિકલપણું છતાં પણ ગુણોનું ઘણાપણું હોય, તે જ તત્ત્વથી યોગ્યતા છે, એમ સુરગુરૂ નામનો પ્રવાદી કહે છે. ૨૧

सर्वमुपपन्नमिति सिद्धसेन इति ॥२२॥

સઘળુ જે જેને ઘટે તે તેને યોગ્ય છે, એમ સિધ્ધસેન કહે છે. ૨૨

भवन्ति त्वल्पा अपि असाधारणगुणाः कल्याणोत्कर्षसाधका इति ॥२३॥

અસાધારણ ગુણ અલ્પ હોય તોપણ કલ્યાણના ઉત્કર્ષને સાધનારા છે. ૨૩

उपस्थितस्य प्रश्नाचारकथनपरीक्षादिर्विधिरिति ॥२४॥

દીક્ષા લેવા આવેલા પુરૂષ સંબંધી પ્રશ્ન તથા આચાર કહેવા અને પરીક્ષા કરવી વગેરે તેનો વિધિ છે. ૨૪

तथा गुरुजनाद्यनुज्ञेति ॥२५॥

માત પિતા વગેરે ગુરૂજનની આજ્ઞા લેવી. ૨૫

तथा तथोपधायोग इति ॥२६॥

તે તે પ્રકારે સંબંધી વર્ગ આજ્ઞા આપે એવી યુક્તિ કરવી. ૨૬

दुःस्वप्नादिकथनमिति ॥२७॥

નઠારા સ્વપ્ના વગેરે કહેવા. ૨૭

तथा विपर्ययलिङ्गसेवेति ॥२८॥

વળી વિપરીત ચિન્હોને સેવવા એટલે

મૃત્યુ સમીપ આવેલા પુરૂષના જેવા ચિન્હ દેખાડવા. ૨૮

दैवज्ञैस्तथा तथा निवेदनमिति ।।२९।।

જોષી લોકોની પાસે માતા પિતાદિકને તે તે પ્રકારે કહેવરાવવું. ૨૯

न धर्मे मायेति ।।३०।।

ધર્મને વિષે માયા નથી. ૩૦

उभयहितमेतदिति ।।३१।।

તે માયાનું કરવાપણું સ્વપરને હિતકારી છે. ૩૧

यथाशक्ति सौविहित्यापादनमिति ।।३२।।

પોતાની શકિત પ્રમાણે માતાપિતાદિ ગુરુજનના મનનું સમાધાન કરવું.

ग्लानौषधादिज्ञातात्त्याग इति ।।३३।।

व्याधि पीडित माता पितादिक गुरु-जनने। औषधादिकना दृष्टांते करी त्याग करवे। ३३

तथा गुरुनिवेदनमिति ।।३४।।

दीक्षा लेनार पुरुषे गुरुने पोताना आत्मानुं अर्पण करवुं. ३४

अनुग्रहधियाभ्युपगम इति ।।३५।।

गुरुए अनुग्रह करवानी बुद्धिथी शिष्यनो अंगीकार करवे। ३५

तथा निमित्तपरीक्षेति ।।३६।।

निमित्त शास्त्रवडे शिष्यनी परीक्षा करवी. ३७

तथा उचितकालापेक्षणमिति ।।३७।।

दीक्षा आपवाने येाग्य एवा वखतनी अपेक्षा राखवी. ३८

तथा उपायतः कायपालनमिति ।।३९।।

દીક્ષા લેવાને ઇચ્છનારા પુરૂષને પૃથ્વીકાય વગેરે જીવોનું પાલન કરવાના ઉપાયને જાણનાર કરવો. ૩૯

तथा भाववृद्धिकरणमिति ।।४०।।

દીક્ષા લેવાના ભાવ અભિલાષની વૃદ્ધિ કરવી. ૪૦

तथा—अनन्तरानुष्ठानोपदेश इति ।।४१।।

દીક્ષા લીધા પછી કરવા યોગ્ય એવા અનુષ્ઠાનનો ઉપદેશ કરવો. ૪૧

तथा शक्तितस्त्यागतपसीति ।।४२।।

શિષ્યની શક્તિ પ્રમાણે ત્યાગ તથા તપ કરાવવો. ૪૨

तथा क्षेत्राविशुद्धौ वन्दनादिशुद्ध्या शीलारोपणमिति ।।४३।।

ક્ષેત્રાદિકની શુદ્ધિ કરતાં ચૈત્યવંદનાદિકની શુદ્ધિ વડે શીલ-આચારનું આરોપણ કરવું. ૪૩

असङ्गतया समशत्रुमित्रता शीलमिति ।।४४।।

અનાસક્તપણે અસંગપણે શત્રુ અને મિત્રમાં સમભાવ રાખવો તે શીલ કહેવાય છે. ૪૪

अतोऽनुष्ठानात्तद्भावसम्भव इति ।।४५।।

એ અનુષ્ઠાનથી તે શીલપણાના ભાવનો સંભવ છે. ૪૫

तथा तपोयोगकारणं चेतीर्ति ।।४६।।

વલી તે શિષ્ય પાસે તપનો યોગ કરાવવો. ૪૬

एवं यः शुद्धयोगेन परित्यज्य गृहाश्रमम् ।।

संयमे रमते नित्यं स यतिः परिकीर्तितः ।।४७।।

એ પ્રમાણે જે શુધ્ધ યોગ વડે ગૃહા-સ્થાશ્રમનો ત્યાગ કરી સંયમને વિષે રમે તે યતિ કહેવાય છે. ૪૭

एतत्तु संभवत्यस्य सदुपायप्रवृत्तितः ।।
अनुपायात्तु साध्यस्य सिद्धिं नेच्छन्ति पण्डिताः ।।४८।।

સારા ઉપાય વડે પ્રવૃત્તિ કરવાથી દીક્ષા લેનારને એ યતિપણું સંભવે છે. કારણ કે પંડિત પુરૂષો સાધવા યોગ્ય કાર્યની સિધ્ધિને ઉપાય વિના ઇચ્છતા નથી. ૪૮

यस्तु नैवंविधो मोहाच्चेष्टते शास्त्रबाधया ।।
स तादग्लिङ्गयुक्तोऽपि न गृही न यतिर्मतः ।।४९।।

જે પુરૂષ પૂર્વે કહ્યા પ્રમાણે શાસ્ત્રનીતિથી

ચાલે નહીં અને શાસ્ત્રને બાધ લાગે એવી ચેષ્ટા કરે છે, તે તેવા શુદ્ધ જૈન લિંગ-ધારી હોય તો પણ તે ગૃહસ્થ ન કહેવાય તેમ યતિ પણ ન કહેવાય, એ ઉભય ભ્રષ્ટ છે. ૪૯

॥ इति यतिविधिनाम चतुर्थोऽध्यायः ॥

卐

॥૫॥ पञ्चमः अध्यायः ॥

बाहुभ्यां दुस्तरो यद्वत्क्रूरनक्रो महोदधिः ।
यतित्वं दुष्करं तद्वदित्याहूस्तत्त्ववदिनः ॥१॥

જેમાં ક્રુર ઝુડ—મત્સ્યો છે, એવા મહાસમુદ્ર જેમ બે બાહુઓથી તરવો મુશ્કેલ છે, તેમ યતિપણું પાળવું દુષ્કર છે, એમ તત્ત્વવેત્તાઓ કહે છે. ૧

अपवर्गः फलं यस्य जन्ममृत्वादिवर्जितः ।
परमानन्दरूपश्च दुष्करं तत्र चाद्भुतम् ॥२॥

જે યતિપણાનું ફલ જન્મ તથા મરણ વગેરેથી રહિત અને પરમઆનંદરૂપ એવો મોક્ષ છે, તે યતિપણું દુષ્કર હોય તેમાં શું આશ્ચર્ય છે ? ૨

भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः ।
अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित्॥३॥

સંસારના સ્વરૂપનું જાણપણું થવાથી તે સંસાર ઉપર યથાર્થ વૈરાગ્ય થવાથી અને મોક્ષ તરફ અનુરાગ થવાથી એ યતિપણું પાળી શકાય છે, તે શિવાય કયારે પણ પાળી શકાતું નથી. ૩

इत्युक्तो यतिरधुनास्य धर्ममनुवर्णयिष्यामः यतिधर्मो द्विविधः सापेक्षयतिधर्मो निरपेक्षयतिधर्मश्चेति ॥४॥

એ પ્રકારે યતિનું સ્વરૂપ કહ્યું, હવે એ યતિના ધર્મને કહીએ છીએ. યતિધર્મ બે પ્રકારનો છે. ૧ સાપેક્ષયતિધર્મ અને ૨ નિરપેક્ષયતિધર્મ. ૪

तत्र सापेक्षयतिधर्म इति ॥५॥

તેમાં સાપેક્ષ યતિધર્મ કહે છે. ૫

यथा गुर्वन्तेवासितेति ॥६॥

ગુરૂની પાસે શિષ્યભાવે યાવજ્જીવિત વર્ત્તવું. ૬

तथा तद्भक्तिबहुमानाविति ॥७॥

ગુરૂને વિષે ભક્તિ તથા બહુમાન કરવું. ૭

तथा सदाज्ञाकरणमिति ॥८॥

નિરંતર ગુરૂ મહારાજની આજ્ઞા પ્રમાણે કરવું. ૮

तथा विधिना प्रवृत्तिरिति ॥९॥

વિધિએ કરીને પ્રવર્ત્તવું. ૯

तथा आत्मानुग्रहचिन्तनमिति ॥१०॥

ગુરૂ કોઇ કામની આજ્ઞા કરે તો પોતાના ઉપર અનુગ્રહ કર્યો એમ ચિંતવવું. ૧૦

तथा व्रतपरिणामरक्षेति ॥११॥

વ્રતના પરિણામનું રક્ષણ કરવું. ૧૧

तथा आरम्भत्याग इति ॥१२॥

આરંભનો ત્યાગ કરવો. ૧૨

पृथिव्याद्यसंघट्टनमिति ॥१३॥

પૃથ્વીકાયાદિ જીવોનો સંઘટ્ટો ન કરવો. ૧૩

तथा त्रिधेर्याशुद्धिः ॥१४॥

ત્રણ પ્રકારે ઇર્યાશુદ્ધિ કરવી. ૧૪

तथा भिक्षाभोजनमिति ॥१५॥

ભિક્ષા માગી ભોજન કરવું. ૧૫

तथा आघाताद्यदृष्टिरिति ॥१६॥

જે સ્થાનમાં જીવહિંસા થતી હોય ઇત્યાદિક સ્થાનને વિષે વૃષ્ટિ ન કરવી. ૧૬

तथा तत्कथाऽश्रवणमिति ॥१७॥

તે આઘાત વગેરેના સ્થાનની વાત પણ ન સાંભળવી. ૧૭

तथा अरक्तद्विष्टतेति ॥१८॥

રાગદ્વેષનો ત્યાગ કરવો. ૧૮

तथा ग्लानादिप्रतिपत्तिरिति ॥१९॥

ગ્લાનાદિકની સેવા કરવી. ૧૯

तथा—परोद्वेगाहेतुतेति ॥२०॥

પરને ઉદ્વેગ થવાનું કારણ ન થવું. ૨૦

भावतः प्रयत्न इति ॥२१॥

ભાવથી પ્રયત્ન કરવો એટલે વચન અને કાયાથી અપ્રીતિ થવાનું કારણ ન ટાળી શકાય તો મનથી ટાળવું. ૨૧

तथा अशक्ये बहिश्चार इति ॥२२॥

અશક્ય અનુષ્ઠાનનો આરંભ કરવો નહિ. ૨૨

तथा अस्थानभाषणमिति ॥२३॥

ન બોલવાની જગ્યાએ બોલવું નહીં. ૨૩

तथा स्खलितप्रतिपत्तिरिति ॥२४॥

સ્ખલના થઇ હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું.

तथा पारुष्यपरित्याग इति ॥२५॥

કઠોરપણાનો ત્યાગ કરવો. ૨૫

तथा सर्वत्रापिशुनतेति ॥२६॥

સ્વપક્ષ અને પરપક્ષને વિષે પિશુનતા ન કરવી. ૨૬.

तथा विकथावर्जनमिति ॥२७॥

વિકથાનો ત્યાગ કરવો. ૨૭.

तथा उपयोगप्रधानतेति ।।२८।।

ઉપયોગની પ્રધાનતા કરવી. ૨૮

तथा निश्चितहितोक्तिरिति ।।२९।।

નિશ્ચય કરેલું હિતવચન બોલવું. ૨૯

तथा प्रतिपन्नानुपेक्षेति ।।३०।।

અંગીકાર કરેલા સદાચારની ઉપેક્ષા કરવી નહીં. ૩૦

तथा असत्प्रलापाश्रुतिरिति ।।३१।।

અસત્પુરૂષોના ભાષણો સાંભળવા નહીં. ૩૧

तथा अभिनिवेशत्याग इति ।।३२।।

મિથ્યા આગ્રહનો ત્યાગ કરવો. ૩૨

तथा अनुचिताग्रहणमिति ।।३३।।

અયોગ્યનું ગ્રહણ કરવું નહીં. ૩૩

तथा उचिते अनुज्ञापनेति ।।३४।।

યોગ્ય વસ્તુને ગ્રહણ કરવાની પ્રેરણા કરવી. ૩૪

तथा निमित्तोपयोग इति ।।३५।।

શકુન પ્રમુખ નિમિત્તનો વિચાર કરવો. ૩૫

अयोग्येऽग्रहणमिति ।।३६।।

અયોગ્ય વસ્તુનું ગ્રહણ ન કરવું. ૩૬

तथा अन्ययोग्यस्य ग्रह इति ।।३७।।

બીજાને યોગ્ય એવી વસ્તુ ગ્રહણ કરવી. ૩૮

गुरोर्निवेदनमिति ।।३८।।

ગ્રહણ કરેલી વસ્તુ ગુરૂમહારાજને નિવેદન કરવી. ૩૮

स्वयमदानमिति ॥३९॥

ગુરૂની આજ્ઞા વિના પોતાની મેળે કોઇને આપવું નહીં. ૩૯

तदाज्ञया प्रवृत्तिरिति ॥४०॥

ગુરૂની આજ્ઞાથી પ્રવૃત્તિ કરવી. ૪૦.

उचितच्छन्दनमिति ॥४१॥

યોગ્ય પુરૂષની નિમંત્રણા કરવી. ૪૧

धर्मायोपभोग इति ॥४२॥

ધર્મને અર્થે ઉપભોગ કરવો. ૪૨

तथा विविक्तवसतिसेवेति ॥४३॥

એકાંતસ્થલમાં નિવાસ કરવો. ૪૩

तत्र स्त्रीकथापरिहार इति ॥४४॥

તેઓમાં પ્રથમ સૂત્ર કહે છે કે, સ્ત્રી કથાનો ત્યાગ કરવો. ૪૪

निषिद्धानुपवेशनमिति ।।४५।।

સ્ત્રીના આસન ઉપર બેસવું નહીં. ૪૫

इंद्रियाप्रयोग इति ।।४६।।

સ્ત્રીના શરીરમાં ઈંદ્રિયોનો પ્રવેશ ન કરવો. ૪૬

कुड्यांतरदांपत्यवर्जनमिति ।।४७।।

જેમાં એક ભીંતને આંતરે સ્ત્રીપુરૂષનું જોડું હોય એવા સ્થાનનો ત્યાગ કરવો. ૪૭

पूर्वक्रीडितास्मृतिरिति ।।४८।।

સ્ત્રી સાથે જે પ્રથમ ક્રીડા કરી હોય તેનું સ્મરણ ન કરવું. ૪૮

प्रणीताभोजनमिति ।।४९।।

અતિ સ્નિગ્ધ (ચીકણા) આહારનું ભોજન ન કરવું. ૪૯

અતિમાત્રાભોગ ઇતિ ।।૫૦।।

અતિશય આહારનો ભોગ ન કરવો. ૫૦

વિભૂષાપરિવર્જનમિતિ ।।૫૧।।

શૃંગારનો ત્યાગ કરવો, ૫૧

તથા તત્ત્વાભિનિવેશ ઇતિ ।।૫૨।।

તત્ત્વને વિષે અતિ આદર કરવો. ૫૨

તથાયુક્તોપધિધારણેતિ ।।૫૩।।

ઘટે તેવી ઉપધિ ધારણ કરવી. ૫૩

તથા મૂર્છાત્યાગ ઇતિ ।।૫૪।।

મૂર્છાનો ત્યાગ કરવો. ૫૪

તથા અપ્રતિબદ્ધવિહરણમિતિ ।।૫૫।।

અપ્રતિબંધપણે વિહાર કરવો. ૫૫

તથા પરકૃતાવિલવાસ ઇતિ ।।૫૬।।

બીજા પુરૂષે પોતાને માટે કરેલા સ્થાનમાં નિવાસ કરવો. ૫૬

तथा अवग्रहशुद्धिरिति ।।५७।।

સ્થાનનો અટકાવ મટાડીને નિવાસ કરવો. ૫૭

मासादिकल्प इति ।।५८।।

માસાદિ કલ્પ પ્રમાણે વિહાર કરવો. ૫૮

एकत्रैव तत्क्रियेति ।।५९।।

એકજ ક્ષેત્રને વિષે માસ કલ્પાદિકની ક્રિયા કરવી. ૫૯

तत्र च सर्वत्राममत्वमिति ।।६०।।

જ્યાં રહેવું ત્યાં સર્વ વસ્તુને વિષે મમત્વભાવ ન રાખવો. ૬૦

तथा निदानपरिहार इति ।।६१।।

નિયાણાનો ત્યાગ કરવો. ૬૧

विहितमिति प्रवृत्तिरिति ।।६२।।

શાસ્ત્રમાં કહેલું છે, એમ ધારીને પ્રવૃત્તિ કરવી. ૬૨

तथा विधिना स्वाध्याययोग इति ।।६३।।
વિધિવડે સ્વાધ્યાયનો યોગ રાખવો.૬૩

तथावश्यकापरिहाणिरिति ।।६४।।
અવશ્ય કરવા યોગ્ય કાર્યની હાનિ ન કરવી. ૬૪

तथा यथाशक्तितपःसेवनमिति ।।६५।।
પોતાની શક્તિ પ્રમાણે તપનું સેવન કરવું. ૬૫

तथा परानुग्रहक्रियेति ।।६६।।
બીજાનો અનુગ્રહ થાય તેવી ક્રિયા કરવી. ૬૬

तथा गुणदोषनिरूपणमिति ।।६७।।

સર્વ ક્રિયાને વિષે ગુણદોષની ગવેષણા કરવી. ૬૭

ततो बहुगुणे प्रवृत्तिरिति ।।६८।।

જે બહુ ગુણવાલી ક્રિયા હોય તેમાં પ્રવૃત્તિ કરવી. ૬૮

तथा क्षान्तिमार्दवमार्जवमलोभतेति ।।६९।।

ક્ષાંતિ, માર્દવ, આર્જવ અને નિર્લોભતા રાખવી. ૬૯

क्रोधाद्यनुनय इति ।।७०।।

ક્રોધાદિકનો ઉદય ન થાય તેવો યત્ન કરવો. ૭૦

तथा वैफल्यकरणमिति ।।७१।।

ઉદય પામેલા ક્રોધાદિકને નિષ્ફળ કરવા. ૭૧

विपाकचिन्तेति ॥७२॥

ક્રોધાદિકના ફલનું ચિંતવન કરવું. ૭૨

तथा धर्मोत्तरो योग इति ॥७३॥

જેનું ફળ ધર્મ છે એવો મન વચન કાયાનો વ્યાપાર કરવો. ૭૩

तथा आत्मानुप्रेक्षेति ॥७४॥

આત્માની વિચારણા કરવી. ૭૪

उचितप्रतिपत्तिरिति ॥७५॥

યોગ્ય અનુષ્ઠાનને અંગીકાર કરવું. ૭૫

तथा प्रतिपक्षासेवनमिति ॥७६॥

દોષોના શત્રુરૂપ એવા ગુણોનું સેવન કરવું ૭૬

तथा आज्ञानुस्मृतिरिति ॥७७॥

ભગવાનની આજ્ઞાને સ્મરણમાં રાખવી. ૭૭

तथा समशत्रुमित्रतेति ॥७८॥

શત્રુ અને મિત્રને વિષે સમાનપણું રાખવું. ૭૮

तथा परीषहजय इति ॥७९॥

પરીષહોનો જય કરવો. ૭૯

तथा उपसर्गातिसहनमिति ॥८०॥

ઉપસર્ગોને અતિશય સહન કરવા. ૮૦

तथा सर्वथाभयत्याग इति ॥८१॥

સર્વ પ્રકારે ભયનો ત્યાગ કરવો. ૮૧

तथा तुल्याश्मकांचनतेति ॥८२॥

પાષાણ અને સુવર્ણને સરખા માનનાર થવું. ૮૨

तथा अभिग्रहग्रहणमिति ॥८३॥

અભિગ્રહોને ગ્રહણ કરવા. ૮૩

तथा विधिवत्पालनमिति ॥८४॥
વિધિ સહિત અભિગ્રહોનું પાલન કરવું. ૮૪

तथा—यथार्हं ध्यानयोग इति ॥८५॥
જેમ ઘટે તેમ ધ્યાન યોગ કરવો. ૮૫

तथा अंते संलेखनेति ॥८६॥
અંતકાલે સંલેખના કરવી. ૮૬

संहननाद्यपेक्षणमिति ॥८७॥
પોતાના સંઘેણ પ્રમુખની અપેક્ષા કરવી. ૮૭

भावसंलेखनायां यत्न इति ॥८८॥
ભાવ સંલેખનામાં યત્ન કરવો. ૮૮

ततो विशुद्धं ब्रह्मचर्यमिति ॥૮૮॥

સંલેખના કર્યા પછી શુદ્ધ બ્રહ્મચર્ય પાલવું. ૮૮

विधिना देहत्याग इतीति ॥૮૯॥

વિધિવડે દેહનો ત્યાગ કરવો. ૮૯

निरपेक्षयतिधर्मस्त्विति ॥૯૦॥

હવે નિરપેક્ષયતિનો ધર્મ કહેવાશે. ૯૦

वचनगुरुतेति ॥૯૧॥

આગમનું ગુરુપણું રાખવું. ૯૧

तथा अल्पोपधित्वमिति ॥૯૨॥

અલ્પ ઉપધિ રાખવી. ૯૨

तथा निःप्रतिकर्मशरीरतेति ॥૯૩॥

ઉપાધિ ઉપાય રહિતપણે શરીર રાખવું. ૯૩

अपवादत्याग इति ॥९४॥

અપવાદ માર્ગનો ત્યાગ કરવો. ૯૪

तथा ग्रामैकरात्रादिविहरणमिति ॥९५॥

ગામને વિષે એક રાત્રિ રહેવા વગેરેના પ્રકારથી વિહાર કરવો. ૯૫

तथा नियतकालचारितेति ॥९६॥

નિયત કરેલા સમયમાં ભિક્ષાચરણ કરવું. ૯૬

तथा प्राय ऊर्ध्वस्थानमिति ॥९७॥

પ્રાયે કરીને (બહુધા)કાયોત્સર્ગ મુદ્રાએ રહેવું. ૯૭

तथा देशनायामप्रबंध इति ॥९८॥

દેશના દેવામાં બહુ ભાવ ન કરવો. ૯૮

तथा सदाप्रमत्ततेति ॥૯૯॥

નિરંતર પ્રમાદરહિત રહેવું. ૯૯

तथा ध्यानैकतानत्वमितीति ॥૧૦૦॥

ધ્યાનને વિષે એકાગ્રતા રાખવી. ૧૦૦

सम्यग्यतित्वमाराध्य महात्मानो यथोदितम् ।
संप्राप्नुवंति कल्याणमिह लोके परत्र च ॥૧૦૧॥

મહાત્મા સાધુ પુરૂષો પૂર્વે કહેલા યતિપણાને દ્રવ્ય અને ભાવ બે પ્રકારે સારી રીતે આરાધી આ લોક તથા પરલોકમાં કલ્યાણને (મોક્ષને) પ્રાપ્ત કરે છે. ૧૦૧

क्षीराश्रवादिलब्ध्योघमासाद्य परमाक्षयम् ।
कुर्वंति भव्यसत्त्वानामुपकारमनुत्तमम् ॥૧૦૨॥

તે મોટા પુરૂષો ક્ષીરાશ્રવાદિ લબ્ધિના સમુહને પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ, અવિનાશી અને

અતિશય ઉત્તમ એવો ભવ્ય પ્રાણીઓનો ઉપકાર કરે છે; ૧૦૨

मुच्यंते चाशुसंसारादत्यंतमसमंजसात् ।
जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतात् ।।१०३।।

જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ અને શોક વગેરેથી ઉપદ્રવવાળા અને તેને લીધે અત્યંત નઠારા એવા સંસારથી તત્કાલ મુકત થવાય છે. ૧૦૩

इतियतिधर्मविधिनाम पञ्चमोऽध्यायः ।।५।।

।।६।। षष्ठः अध्यायः ।।

आशयाद्युचितं ज्यायोऽनुष्ठानं सूरयो विदुः
साध्यसिद्ध्यंगमित्यस्माद्यतिधर्मो द्विधा मतः ।१।

અંતઃકરણ વગેરેને યોગ્ય એવા આચરણને આચાર્યો અતિ શ્રેષ્ઠ કહે છે; કારણ કે તે આચરણ સાધવા યોગ્ય એવા મોક્ષની સિદ્ધિનું અંગ છે. એ કારણને લીધે યતિધર્મ સાપેક્ષ અને નિરપેક્ષ એવા બે પ્રકારે માન્યો છે. ૧

समग्रा यत्र सामग्री तदक्षेपेण सिद्धचति ।
दवीयसापि कालेन वैकल्ये तु न जातुचित् ।।२।।

જે કાર્યમાં સમગ્ર સામગ્રી હોય તે કાર્ય તત્કાલ સિદ્ધ થાય છે. અને જો સમગ્ર સામગ્રીનો અભાવ હોય તે કાર્ય કદિ પણ સિદ્ધ થતું નથી. ૨

तस्माद्यो यस्य योग्यः स्यात्तत्तेनालोच्य सर्वथा ।
आरब्धव्यमुपायेन सम्यगेष सतां नयः ।।३।।

સાપેક્ષા અને નિરપેક્ષ એમ બે પ્રકારનો યતિધર્મ છે. તેમાંથી જેને જે યોગ્ય હોય તે યતિધર્મ સર્વ રીતે વિચારી તેનો આરંભ કરવો. એ સત્પુરૂષોનો સારો ન્યાયમાર્ગ છે. ૩

इत्युक्तो यतिधर्म इदानीमस्य विषयविभागमनुवर्णयिष्याम इति ॥४॥

એ પ્રકારે યતિધર્મ કહ્યો, હવે તે યતિધર્મના વિષય વિભાગનું વર્ણન કરીએ છીએ. ૪

तत्र कल्याणाशयस्य श्रुतरत्नमहोदधेः उपशमादिलब्धिमतः परहितोद्यतस्य अत्यंतगंभीरचेतसः प्रधानपरिणतेर्विधूतमोहस्य परमसत्त्वार्थकर्त्तुः सामायिकवतः विशुद्धयमानाशयस्य यथोचित्तप्रवृत्तेः सात्मीभूतशुभयोगस्य श्रेयान् सापेक्षयतिधर्म एवेति ॥५॥

તેમાં જેનો આશય કલ્યાણરૂપ છે, જે શાસ્ત્રરૂપી રત્નોનો સાગર છે, જેને ઉપશમાદિ લબ્ધિઓ પ્રાપ્ત થએલ છે, જે પરહિતમાં ઉદ્યમવંત છે, જેનું ચિત્ત અત્યંત ગંભીર છે, જેની પરિણતિ ઉત્તમ છે, જેણે મોહનો નાશ કર્યો છે, જે જીવોના મોક્ષરૂપ ઉત્કૃષ્ટ પ્રયોજન રાખે છે, જેનામાં સામાયિક રહેલું છે, જેનો આશય શુદ્ધ છે, જેની પ્રવૃત્તિ ઘટે તેમ ચાલે છે, અને જેનો શુભ યોગ આત્મા સાથે મલેલો છે– એવા પુરૂષને સાપેક્ષ યતિ ધર્મ કરવો યોગ્ય છે. ૫

वचनप्रामाण्यादिति ।।६।।

જિન ભગવંતના વચનનું તેમાં પ્રમાણ છે, તેથી. ૬

संपूर्णदशपूर्वविदो निरपेक्षधर्मप्रतिपत्तिप्रतिषेधादिति ॥७॥

સંપૂર્ણ દશ પૂર્વના જાણનારા યતિને નિરપેક્ષ યતિધર્મના સ્વીકારનો નિષેધ છે. ૭

परार्थसंपादनोपपत्तेरिति ॥८॥

તેનાથી પારકા અર્થને સંપાદન કરવાની સિદ્ધિ થાય છે. ૮

तस्यैव च गुरुत्वादिति ॥९॥

પરોપકાર કરવાનું ગૌરવપણું છે. ૯

सर्वथा दुःखमोक्षणादिति ॥१०॥

એ પરોપકાર કરવાથી સર્વ પ્રકારે દુઃખમાંથી મુકાવાપણું છે. ૧૦

तथा संतानप्रवृत्तेः ॥११॥

તેમ કરવાથી સંતાનની પ્રવૃત્તિ થાય છે. ૧૧

तथा योगत्रयस्याप्युदग्रफलभावादिति ।।१२।।

વળી ત્રણ યેાગનું મેાટું ફલ છે, એ કારણથી. ૧૨

तथा निरपेक्षधर्मोचितस्यापि तत्प्रतिपत्तिकाले परपरार्थसिद्धौ तदन्यसंपादकाभावे प्रतिपत्तिप्रतिषेधाच्चेति ।।१३।।

વળી નિરપેક્ષ યતિધર્મ અંગીકાર કરવાને યેાગ્ય એવા પુરૂષને પણ તે ધમ અંગીકાર કરવાને સમયે બીજા જીવેાના ઉત્કૃષ્ટ અર્થની સિદ્ધિ કરવામાં બીજા પુરૂષનેા અભાવ હેાવાથી નિરપેક્ષ યતિધર્મને અંગીકાર કરવાનેા નિષેધ છે, તેથી પરાર્થ સંપાદન કરવેા તે અતિ ઉત્તમ છે. ૧૩

नवादिपूर्वधरस्य तु यथोदितगुणस्यापि साधुशिष्यनिष्पत्तौ साध्यांतराभावतः सति

कायादिसामर्थ्ये सद्वीर्याचारासेवनेन तथा प्रमाद-जयाय सम्यगुचितसमये आज्ञाप्रामाण्यतस्तथैव योगवृद्धेः प्रायोपवेशनवच्छ्रेयान्निरपेक्षयतिधर्म इति ॥१४॥

નવાદિ પૂર્વધર એટલે નવમા પૂર્વની ત્રીજી વસ્તુથી આરંભીને કાંઈક ઉણાં દશ પર્વ સુધી જ્ઞાનવાલાને સારા શિષ્યની સિદ્ધિ થતાં બીજા સાધવા યોગ્ય કાર્યના અભાવથી શરીરાદિકનું સામર્થ્ય છતાં સત્ એવા વીર્યાચારને સેવવાથી તેમજ પ્રમાદનો જય કરવાને સારા યોગ્ય સમયને વિષે આજ્ઞાના પ્રમાણથી તેમ વલી યોગની વૃદ્ધિ થવાના કારણથી અનશનની પેઠે નિરપેક્ષ યતિધર્મનું સેવન કરવું અતિશય શ્રેષ્ઠ છે. ૧૪

तथा तत्कल्पस्य च परार्थलब्धिविकलस्येति ।१५।

પ્રથમ કહ્યા પ્રમાણે બીજો કોઇ તેના જેવો સમર્થ પુરૂષ હોય પણ તે પુરૂષ પરાર્થ કરવાની લબ્ધિથી રહિત હોય એટલે આચાર્યાદિપદને યોગ્ય એવા શિષ્ય બનાવવાને અશક્ત હોય તેને પણ નિરપેક્ષ યતિધર્મ અંગીકાર કરવો તે શ્રેષ્ઠ છે. ૧૫

उचितानुष्ठानं हि प्रधानं कर्मक्षयकारणमिति १६

યોગ્ય અનુષ્ઠાન કર્મક્ષય કરવામાં મુખ્ય કારણ છે. ૧૬

उदग्रविवेकभावाद्रत्नत्रयाराधनादिति ॥१७॥

મોટા વિવેકથી ત્રણ રત્નોનું આરાધન થાય છે, તેથી યોગ્ય અનુષ્ઠાન કાર્યક્ષયનું પ્રધાન કારણ છે. ૧૭

अननुष्ठानमन्यदकामनिर्जरांगमुक्तविपर्ययादिति ॥१८॥

પૂર્વે જે કહેલું તેથી જે વિપરીત અનુષ્ઠાન તે અનુષ્ઠાન જ ન કહેવાય પણ અકામ નિર્જરાનું અંગ કહેવાય છે, પરંતુ કર્મક્ષયનું કારણ કહેવાતું નથી, કારણકે, તેમાં મોટા વિવેક વડે ત્રણ રત્નોના આરાધનનો અભાવ છે. ૧૮

निर्वाणफलमत्र तत्त्वतोऽनुष्ठानमिति ॥१९॥

આ જિન વચનમાં મોક્ષ જેનું ફલ છે, એવા અનુષ્ઠાનને જ ખરૂં અનુષ્ઠાન કહે છે, તે સિવાય બીજાને ખરૂં અનુષ્ઠાન કહેવાતું નથી. ૧૯

न चासदभिनिवेशवत्तदिति ॥२०॥

તે અનુષ્ઠાન મિથ્યાભિમાનિવેશવાળું હોતું નથી. ૨૦

अनुचितप्रतिपत्तौ नियमादसदभिनिवेशोऽन्यथाऽनाभोगमात्रादिति ॥२१॥

અજાણપણે કદિ અનુચિતમાં પ્રવૃત્તિ થઇ જાય પણ આગ્રહથી અનુચિત પ્રવૃત્તિ આદરે તો ત્યાં નિશ્ચે અસત્ અભિનિવેશ-આગ્રહ છે, એમ જાણવું. ૨૧

संभवति तद्वतोऽपि चारित्रमिति ॥२२॥

માત્ર અજાણપણાથી અનુચિત પ્રવૃત્તિ અંગીકાર કરનારા પુરૂષને પણ ચારિત્રનો સંભવ છે. ૨૨

अनभिनिवेशवांस्तु तद्युक्तः खल्वतत्त्वे ॥२३॥

વળી ચારિત્ર યુક્ત પુરૂષ અતત્ત્વને વિષે એટલે પ્રવચન વડે બાધ કરેલા અર્થને વિષે અજાણપણું છતાં પણ નિશ્ચે આગ્રહરહિત હોય છે. ૨૩

स्वस्वभावोत्कर्षादिति ।।२४।।

પોતાના સમ્યગ્ દર્શનાદિ સ્વભાવના ઉત્કર્ષને લઇ ચારિત્રવાલો પુરૂષ અતત્ત્વને વિષે આગ્રહવાલો હોતો નથી. ૨૪

मार्गानुसारित्वादिति ।।२५।।

માર્ગાનુસારીપણાથી ૨૫

तथा रुचिस्वभावत्वादिति ।।२६।।

માર્ગાનુસારીપણાની રૂચિ રૂપ સ્વભાવને લઇને માર્ગ અનુસરવાપણું હોય છે. ૨૬

श्रवणादौ प्रतिपत्तेरिति ।।२७।।

શાસ્ત્રનું શ્રવણ વગેરે થતાં પોતાની ભૂલ કબૂલ કરે છે,–તેથી રૂચિ સ્વભાવપણું સિદ્ધ થાય છે. ૨૭

असदाचारगर्हणादिति ।।२८।।

કરેલા અસત્-નઠારા આચરણની ગર્હણ કરવાથી. ૨૮

इत्युचितानुष्ठानमेव सर्वत्र श्रेय इति ॥२९॥

એ પ્રમાણે ઉચિત અનુષ્ઠાનજ સર્વ જગ્યાએ શ્રેયકારી છે. ૨૯

भावनासारत्वात्तस्येति ॥३०॥

તે ઉચિત અનુષ્ઠાનને ભાવનાનું પ્રધાનપણું છે, તેથી તે સર્વત્ર શ્રેયકારી છે. ૩૦

इयमेव प्रधानं निःश्रेयसांगमिति ॥३१॥

ભાવના જ મોક્ષનું અંગ (કારણ) છે. ૩૧

एतत्स्थैर्याद्धि कुशलस्थैर्योपपत्तेरिति ॥३२॥

કારણકે એ ભાવનાની સ્થિરતાથી નિશ્ચે સર્વ જ્ઞાનાદિ કુશળની સ્થિરતા ઘટે છે. ૩૨

भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वादिति ॥३३॥

કારણકે, ભાવનાને અનુસરતું જે જ્ઞાન તેને તત્વથી જ્ઞાનપણું છે. ૩૩

न हि श्रुतमय्या प्रज्ञया भावनादृष्टज्ञातं ज्ञातं नामेति ॥३४॥

ભાવના જ્ઞાનવડે જોયું અને જાણ્યું તે નિશ્ચે જાણેલું કહેવાય છે. પણ શ્રુતમય બુદ્ધિએ જોયું અને જાણ્યું. તે જાણ્યું કહેવાય નહીં. ૩૪

उपरागमात्रत्वादिति ॥३५॥

કારણકે, શ્રુતજ્ઞાનને વિષે કેવલ બાહેરથી જાણવાપણું છે. ૩૫

दृष्टवदपायेभ्योऽनिवृत्तेरिति ॥३६॥

જોયેલા અને જાણેલા અનર્થની નિવૃત્તિ પામે નહીં તેથી. ૩૬

एतन्मूले च हिताहितयोः प्रवृत्तिनिवृती इति ३७

હિતને વિષે પ્રવૃત્તિ કરવી અને અહિતથી નિવૃત્તિ પામવી તેનું મૂલ ભાવનાજ્ઞાન જ છે. ૩૭

अत एव भावनादृष्टज्ञाताद्विपर्ययायोग इति ।३८।

એ માટે હિત-અહિતને વિષે પ્રવૃત્તિ અને નિવૃત્તિ થવાનું મૂળ ભાવનાજ્ઞાન જ છે. તેથી ભાવનાજ્ઞાને કરી જોયું અને જાણ્યું હોવાથી વિપરીતપણાનો યોગ થતો નથી. ૩૮

तद्वंतो हि दृष्टापाययोगेऽप्यदृष्टापायेभ्यो निवर्त्तमाना दृश्यंत एवान्यरक्षादाविति ।।३९।।

ભાવનાજ્ઞાનવાળા પુરૂષો દેખવામાં આવતા એવા મરણાદિક કષ્ટોની પ્રાપ્તિ થયા છતાં પણ ન દેખવામાં આવતા એવા નરકાદિક અપાયથી નિવૃત્તિ પામી અન્ય જીવોની રક્ષા વગેરે કરવા પ્રવર્ત્તતા દેખાય છે. ૩૯

इति मुमुक्षोः सर्वत्र भावनाग्रामेव यत्नः श्रेयानिति ॥४०॥

એ પ્રકારે મોક્ષ પામવાની ઇચ્છાવાલા પુરૂષે સર્વ કાર્યને વિષે ભાવનામાંજ યત્ન કરવો અતિશય શ્રેયકારી છે. ૪૦

तद्भावे निसर्गत एव सर्वथा दोषोपरतिसिद्धेरिति ॥४१॥

ભાવના ભાવવાથી સ્વભાવથીજ સર્વ પ્રકારે દોષના ઉપરામની સિદ્ધિ

(નિવૃત્તિ પામવાની સિદ્ધિ) એટલે ભાવના જ્ઞાનની સ્વભાવવડે જ રાગાદિ દોષ ટળે છે. ૪૧

वचनोपयोगपूर्वा विहितप्रवृत्तियोंनिरस्या इति ॥४२॥

વચનના ઉપયોગ પૂર્વક શાસ્ત્ર વિહિત અનુષ્ઠાનમાં જે પ્રવૃત્તિ કરવી તે ભાવનાનું કારણ છે. ૪૨

महागुणत्वाद्वचनस्योपयोगस्येति ॥४३॥

કારણકે, જિન વચનનો ઉપયોગ કરવામાં મોટો ગુણ રહેલો છે. ૪૩

तत्र ह्यचिंत्यचिंतामणिकल्पस्य भगवतो बहुमानगर्भं स्मरणमिति ॥४४॥

વચનનો ઉપયોગ કરવાથી નિશ્ચે અચિંત્ય ચિંતામણિ સમાન એવા

ભગવાનનું બહુમાનવાળું સ્મરણ થાય છે. ૪૪

भगवतैवमुक्तमित्याराधनायोगादिति ।।४५।।

ભગવંતે આ પ્રમાણે કહ્યું છે કે એ પ્રકારના આરાધનાના યોગથી ભગવંતનું સ્મરણ થાય છે. ૪૫

एवं च प्रायो भगवत एव चेतसि समवस्थान-
मिति ।।४६।।

એ પ્રકારે પ્રાયે કરીને સારી રીતે ચિત્તમાં ભગવંતનું જ સ્થાપન થાય છે. ૪૬

तदाज्ञाराधनाच्च तद्भक्तिरेवेति ।।४७।।

તે ભગવંતની આજ્ઞાનું આરાધન કરવાથી તેમની ભક્તિ જ થાય છે. ૪૭

उपदेशपालनैव भगवद्भक्तिर्नान्या कृतकृत्यत्वादिति ॥४८॥

ભગવંતના ઉપદેશનું પાલન કરવું, તેજ ભગવંતની ભક્તિ છે. બીજી નથી કારણકે, તેમાંજ તેમનું કૃતકૃત્યપણું છે. એટલે કરવા યોગ્ય કાર્યથી મુકત થયેલા પરમાત્માનો ઉપદેશ પાળવો એજ તેમની ભક્તિ છે. ૪૮

उचितद्रव्यस्तवस्यापि तद्रूपत्वादिति ॥४९॥

યોગ્ય એવા દ્રવ્ય સ્તવનો પણ ઉપદેશ પાલવા યોગ્ય છે. માટે પુષ્પાદિ પૂજા પણ ભક્તિ કહેવાય છે. ૪૯

भावस्तवांगतया विधानादिति ॥५०॥

દ્રવ્યસ્તવ એ ભાવસ્તવનું કારણ છે,

એમ શાસ્ત્રમાં વિધાન કર્યું છે, દ્રવ્યસ્તવ પરમાત્માની ભક્તિ છે. ૫૦

हृदि स्थिते च भगवति क्लिष्टकर्मविगम इति ॥५१॥

ભગવંત હૃદયમાં રહેવાથી ક્લેશકારક કર્મનો નાશ થાય છે. ૫૧

जलानलवदनयोर्विरोधादिति ॥५२॥

ભગવંતનું ચિત્તમાં રહેવું અને ક્લિષ્ટ કર્મનું રહેવું, એ બંનેને જલ અને અગ્નિની પેઠે પરસ્પર વિરોધ છે. ૫૨

इत्युचितानुष्ठानमेव सर्वत्र प्रधानमिति ॥५३॥

એવી રીતે ઉચિત અનુષ્ઠાનજ સર્વ સ્થાનમાં પ્રધાન છે. ૫૩

प्रायोऽतिचारासंभवादिति ॥५४॥

પ્રાયે કરીને ઉચિત અનુષ્ઠાનમાં અતિચારનો સંભવ નથી. ૫૪

यथाशक्तिप्रवृत्तेरिति ॥५५॥

પોતાની શકિત પ્રમાણે વર્ત્તે છે, તેથી ૫૫

सद्भावप्रतिबंधादिति ॥५६॥

સત્ એવા ભાવમાં પ્રતિબંધપણું છે, એ હેતુ માટે. ૫૬

इतरथार्त्तध्यानापत्तिरिति ॥५७॥

શકિત ઉપરાંત કરવાથી આર્ત્તધ્યાનની પ્રાપ્તિ થાય છે. ૫૭

अकालौत्सुक्यस्य तत्त्वतस्तत्त्वादिति ॥५८॥

અકાલે ઉત્સુકપણું કરવું, તે પરમાર્થ રીતે આર્ત્તધ્યાનપણું છે. ૫૮

नेदं प्रवृत्तिकालसाधनमिति ॥५९॥

એ ઉત્સુકપણું પ્રવૃત્તિકાલનું સાધન નથી. ૫૯

इति सदोचितमिति ॥६०॥

એ પ્રમાણે નિરંતર જે ઉચિત હોય તે કરવું. ૬૦

तदा तदसत्त्वादिति ॥६१॥

પ્રવૃત્તિ કાલને વષે તે ઉત્સુકપણાનું અસત્પણું છે, તેથી સદા ઉચિતનો આરંભ કરવો. ૬૧

प्रभूतान्येव तु प्रवृत्तिकालसाधनानीति ॥६२॥

પ્રવૃત્તિ કાલના કારણો તો ઘણાંજ છે. ૬૨

निदानश्रवणादेरपि केषांचित्प्रवृत्तिमात्रदर्शनादिति ॥६३॥

નિદાન-શ્રમણ વગેરેથી પણ કેટલાએક પુરૂષોની પ્રવૃત્તિ માત્ર દેખાય છે, તેથી એકજ કારણ નથી. ૬૩

तस्यापि तथा पारंपर्यसाधनत्वमिति ।।६४।।

એ પ્રવૃત્તિ માત્રનું પણ તથા પ્રકારે પરંપરાએ કારણપણું છે. ૬૪

यतिधर्माधिकारश्चायमिति प्रतिषेध इति ।।६५।।

આ શુદ્ધ યતિધર્મ કહેવાનો પ્રસ્તાવ આરંભેલો છે, માટે પ્રવૃત્તિ માત્રનો નિષેધ છે. ૬૫

न चैतत्परिणते चारित्रपरिणामे इति ।।६६।।

ચારિત્રના પરિણામ પ્રણમવાથી ઉત્સુકપણું હોય જ નહીં ૬૬

तस्य प्रसन्नगंभीरत्वादिति ।।६७।।

ચારિત્રના પરિણામનું પ્રસન્નપણું અને ગંભીરપણું છે, એ હેતુ માટે. ૬૭

हितावहत्वादिति ॥६८॥

ચારિત્રના પરિણામને હિતકારીપણું છે, તેથી. ૬૮

तत्साधनानुष्ठानविषयस्तूपदेशः प्रतिपात्यसौ कर्मवैचित्र्यादिति ॥६९॥

તે ચારિત્રના પરિણામને સાધનાર એવા જે અનુષ્ઠાન તે જેનો વિષય છે એવો ઉપદેશ શાસ્ત્રમાં કહ્યો છે, તેનું કારણ એ છે કે, કર્મના વિચિત્રપરિણામથી આ ચારિત્ર પરિણામ પડવાનો છે, એટલે ઉપદેશની સફલતા છે, તેથી ઉપદેશ કરવો યોગ્ય છે. ૬૯

तत्संरक्षणानुष्ठानविषयश्च चक्रादिप्रवर्त्तयवसानभ्रमाधानज्ञातादिति ॥७०॥

ચક્ર વગેરેની ભ્રમણ રૂપ પ્રવૃત્તિની મંદતામાં દંડ વડે જેમ તેના વેગમાં તીવ્રતા થાય છે, એ દૃષ્ટાંત વડે ચારિત્ર પરિણામના રક્ષણના વિષયમાં ઉપદેશ પ્રવર્ત્યો છે. ૭૦

माध्यस्थ्ये तद्वैफल्यमेवेति ।।७१।।

મધ્યસ્થપણાને વિષે ઉપદેશની નિષ્ફલતા જ હોય છે. ૭૧

स्वयंभ्रमणसिद्धेरिति ।।७२।।

પોતાની મેળે જ ભ્રમણની સિદ્ધિ છે, એ હેતુ માટે. ૭૨

भावयतिर्हि तथा कुशलाशयत्वादशक्तोऽसमंजसप्रवृत्ताविंतरस्यामिवेतर इति ।।७३।।

ભાવયતિ તેવી રીતના કુશલ આશયપણાને લઈને અઘટિત પ્રવૃત્તિ કરવામાં

અશક્ત છે, અને જે ભાવયતિ નથી તે ઘટિત પ્રવૃતિને વિષે અશક્ત છે, તેમ તે પણ અશકત છે. ૭૩

इति निदर्शनमात्रमिति ।।૭૪।।

પ્રથમ જે સરખાપણું કહ્યું, તે કેવલ દૃષ્ટાંત માત્ર જાણવું. ૭૪

न सर्वसाधर्म्ययोगेनेति ।।૭૫।।

જે પૂર્વે કહેલ તે સર્વ પ્રકારના સાદૃશ્ય યોગથી દૃષ્ટાંત નથી. ૭૫

यतेस्तदप्रवृत्तिनिमित्तस्य गरीयस्त्वादिति ।।૭૬।।

તે ભાવયતિને અઘટિત કાર્યમાં અપ્રવર્ત્તાવવાના નિમિત્ત રૂપ જે સમ્યકત્વાદિ તેનું અતિશય ગુરૂપણું છે. એ હેતુ માટે. ૭૬

वस्तुतः स्वाभाविकत्वादिति ।।૭૭।।

વસ્તુતાએ સમ્યગ્દર્શનાદિકને આત્મ સ્વભાવમયપણું છે. માટે. ૭૭

तथा सद्भाववृद्धेः फलोत्कर्षसाधनादिति ।।७८।।

વળી શુદ્ધ પરિણામની વૃદ્ધિને મોક્ષરૂપ મહાફલનું સાધવાપણું છે, માટે સમ્યક્ત્વાદિકને ગુરૂપણું છે. ૭૮

उपप्लवविगमेन तथावभासनादितीति ।।७९।।

રાગદ્વેષાદિ ઉપદ્રવ જવાથી તેવો બોધ થાય છે, એ હેતુ માટે. ૭૯

एवंविधयतेः प्रायो भावशुद्धेर्महात्मनः ।
विनिवृत्ताग्रहस्योच्चैर्मोक्षतुल्यो भवोऽपि हीति ।८०।

ભાવની શુદ્ધિ થવાથી જેને દુરાગ્રહ નથી એવા મહાત્મા ભાવયતિને બહુધા આ સંસાર પણ મોક્ષના જેવો છે. ૮૦

सद्दर्शनादिसंप्राप्तेः संतोषामृतयोगतः ।
भावैश्वर्यप्रधानत्वात्तदासन्नत्वतस्तथा ।८१। इति ।

સત્ એવા દર્શનાદિકની પ્રાપ્તિથી તથા સંતોષ રૂપ અમૃતના યોગથી, ભાવથી, ઐશ્વર્યના પ્રધાનપણાથી અને મોક્ષના સમીપપણાથી અહિં જ મોક્ષ છે. ૮૧

उक्तं मासादिपर्यायवृद्धया द्वादशभिः परम् ।
तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तम मिति ८२

માસાદિ પર્યાયની વૃદ્ધિએ કરીને યાવત્ બાર માસે કરીને ચારિત્રધારી પુરૂષ સર્વ દેવતાઓથી ઉત્તમ એવા તેજને-ઉત્કૃષ્ટ સુખને પ્રાપ્ત કરે છે. ૮૨

।। इति यतिधर्मविषयविधिनाम
षष्ठोऽध्यायः ।।६।।

।।७।। सप्तमः अध्यायः ।।

फलप्रधान आरंभ इति सल्लोकनीतितः ।
संक्षेपादुक्तमस्येदं व्यासतः पुनरुच्यते इति ।।१।।

જેનું ફલ પ્રધાન હોય તેનો આરંભ કરવો, એ સત્પુરૂષોની નીતિ છે, તેથી ગ્રંથના આદ્યમાં ધર્મનું આ ફલ છે, એમ સંક્ષેપમાં કહેલું છે, તે ધર્મના ફલને હવે વિસ્તારથી કહે છે. ૧

प्रवृत्त्यंगमदः श्रेष्ठं सत्त्वानां प्रायशश्च यत् ।
आदौ सर्वत्र तद्युक्तमभिधातुमिदं पुनः ।।२।।
इति ।

સર્વ કાર્યને વિષે પ્રાણીઓને પ્રવૃત્તિ થવાનું કારણ પ્રાયે કરી એના ફલનું કહેવું, એ શ્રેષ્ઠ છે, માટે ગ્રંથના આરંભને વિષે

સંક્ષેપે ફલ કહેવું, તે યુક્ત છે, અને હવે ગ્રંથને અંતે ધર્મના ફલને વિસ્તારથી કહેવું તે યુક્ત છે. ૨

યથા–

विशिष्टं देवसौख्यं यच्छिवसौख्यं च यत्परम् ।
धर्मकल्पद्रुमस्येदं फलमाहुर्मनीषिणः ॥३॥ इति ।

દેવસંબંધી મોટું સુખ અને ઉત્કૃષ્ટ મોક્ષસુખ એ ધર્મરૂપી કલ્પવૃક્ષનું ફલ છે, એમ મોટા બુદ્ધિમાન પુરૂષો કહે છે. ૩

इत्युक्तो धर्मः सांप्रतमस्य फलमनुवर्णयिष्यामः ॥४॥ इति ।

એવી રીતે ગૃહસ્થ ધર્મ અને યતિધર્મ કહેવામાં આવ્યો, હવે તે ધર્મના ફલનું વર્ણન કરીએ છીએ. ૪

द्विविधं फलमनंतरपरंपराभेदादिति ॥५॥

અનંતર ફલ અને પરંપરા ફલ એમ બે પ્રકારનું ધર્મનું ફલ છે. ૫

तत्रानंतरफलमुपप्लवह्रास इति ॥६॥

તેમાં રાગાદિ ઉપદ્રવનો નાશ થવો એ અનંતર ફલ છે. ૬

तथा—भावैश्वर्यवृद्धिरिति ॥७॥

ભાવૈશ્વર્યની વૃદ્ધિ થવી એ ધર્મનું અનંતર ફલ છે. ૭

तथा—जनप्रियत्वमिति ॥८॥

લોકપ્રિય થવું, એ ધર્મનું અનંતર ફલ છે. ૮

परंपराफलं तु सुगतिजन्मोत्तमस्थानपरंपरा-
निर्वाणावाप्तिरिति ॥९॥

સારી ગતિમાં જન્મ થવો, ઉત્તમ સ્થાનની પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થવી, એ એનું જે થવું, તે ધર્મનું પરંપરા ફલ છે. ૯

सुगतिर्विशिष्टदेवस्थानमिति ॥१०॥

સૌધર્મ દેવલોકાદિ સારા સ્થાન પ્રત્યે જવું, તે સુગતિ કહેવાયછે. ૧૦

तत्रोत्तमा रूपसंपत्, सत्स्थितिप्रभावसुखद्युतिलेश्यायोगः, विशुद्धेंद्रियावधित्वं, प्रकृष्टानि भोगसाधनानि, दिव्यो विमाननिवहः, मनोहराण्युद्यानानि, रम्या जलाशयाः, कांता अप्सरसः, अतिनिपुणाः किंकराः, प्रगल्भो नाट्यविधिः चतुरोदारा भोगाः, सदाचित्ताह्लादः, अनेकसुखहेतुत्वं, कुशलानुबंधः, महाकल्याणपूजाकरणं, तीर्थंकरसेवा, सद्धर्मश्रुतौ रतिः, सदासुखित्वमिति ॥११॥

તે દેવલોકમાં ઉત્તમ રૂપની સંપત્તિ, સ્થિતિ, પ્રભાવ સુખ, કાંતિ અને લેશ્યાનો સારો યોગ થાય છે, નિર્મલ એવા ઇંદ્રિયો તથા અવધિજ્ઞાન, ઉત્કૃષ્ટ એવા ભોગના સાધનો, દિવ્ય વિમાનોનો સમૂહ, મનોહર ઉદ્યાનો, રમ્ય જલાશયો, સુંદર અપ્સરાઓ, અતિનિપુણ સેવકો, અતિ રમણીય નાટક વિધિ, ચતુર ઉદાર ભોગ, સદા ચિત્તને વિષે આનંદ, અનેક સુખના કારણો, પરિણામે સુખકારી સર્વ કાર્યની સંતતિ, મહા કલ્યાણકને વિષે પૂજાનું કરવું, તીર્થંકરની સેવા, શુભ ધર્મને સાંભળવામાં પ્રીતિ, અને નિરંતર સુખીપણું—એ સર્વની પ્રાપ્તિ થવી એ ધર્મનું પરંપરા ફલ છે. ૧૧

तथा तच्च्युतावपि विशिष्टे देशे विशिष्ट

एव काले स्फीते महाकुले निःकलंककेऽन्वयेन उदग्रे सदाचारेण आख्यायिकापुरुषयुक्ते अनेकमनोरथापूरकमत्यंतनिरवद्यं जन्मेति ॥१२॥

દેવલોકથી ચ્યવ્યા પછી પણ સારા દેશમાં, સારા કાલમાં, વંશવડે કલંકરહિત, સદાચારવડે મોટા અને જેની મોટી કથાઓ છે એવા પુરૂષોથી યુકત એવા પ્રસિદ્ધ કુલમાં અનેક મનોરથોને પુરનારૂં અને અત્યંત પાપથી રહિત એવો જન્મ થાય છે. ૧૨

सुंदरं रूपं, आलयो लक्षणानां, रहितमामयेन, युक्तं प्रज्ञया, संगतं कलाकलापेनेति ॥१३॥

સુંદર રૂપ, લક્ષણોનું સ્થાન, રોગે રહિત, બુદ્ધિએ યુકત અને કલાઓના સમુહ વડે યુકત એવો જન્મ થાય છે. ૧૩

तथा — गुणपक्षपातः, असदाचारभीरुता, कल्याणमित्रयोगः, सत्कथाश्रवणं, मार्गानुग

बोधः, सर्वोचितप्राप्तिः हिताय, सत्त्वसंघातस्य, परितोषकरी गुरूणां, संवर्द्धनी गुणांतरस्य, निदर्शनं जनानां, अत्युदारआशयः, असाधारणा विषयाः, रहिताः संक्लेशेन, अपरोपतापिन, अमंगुलावसाना इति ॥१४॥

વળી ગુણ ઉપર પક્ષપાત, નઠારા આચરણનો ભય, પવિત્ર બુદ્ધિ આપનારા મિત્રોનો યોગ, સત્કથાનું શ્રવણ, મુક્તિ માર્ગને અનુસરતો બોધ, ધર્મ, અર્થ અને કામને સેવવા પ્રત્યે ઉચિત વસ્તુની પ્રાપ્તિ કે જે પ્રાણીઓના સમૂહના કલ્યાણને અર્થે થાય છે, જે માતાપિતાદિ ગુરૂજનને સંતોષ કરનારી છે, બીજા ગુણને વધારનારી છે અને લોકને દૃષ્ટાંત દેવા યોગ્ય છે, અતિ ઉદાર એવો મનનો પરિણામ થાય છે. અસાધારણ

વિષયો પ્રાપ્ત થાય છે, જે વિષયો ક્લેશ રહિત, પરને પરિતાપ નહીં કરનારા અને સુંદર પરિણામવાલા છે. ૧૪

तथा काले धर्मप्रतिपत्तिरिति ॥१५॥

અવસર આવે ધર્મનું અંગીકાર કરવા-પણું થાય છે. ૧૫

तत्र च गुरुसहायसंपदिति ॥१६॥

તે ધર્મની પ્રાપ્તિને અવસરે નિર્દોષ હોવાથી મોટી ગુરૂ આદિની સહાયતા રૂપ સંપત્તિ મલે છે. ૧૬

ततश्च साधुसंयमानुष्ठानमिति ॥१७॥

તે પછી સારી રીતે સંયમનું પાલન થાય છે. ૧૭

ततोऽपि परिशुद्धाराधनेति ॥१८॥

શુદ્ધ સંયમ પાલ્યા પછી પણ અંતે પરિશુદ્ધ આરાધના થાય છે. ૧૮

तत्र च विधिवच्छरीरत्याग इति ॥१९॥

તે સંલેખનામાં વિધિયુક્ત શરીરનો ત્યાગ થાય છે. ૧૯

ततो विशिष्टतरं देवस्थानमिति ॥२०॥

પછી અતિશય શ્રેષ્ઠ એવું દેવતાનું સ્થાન મલે છે. ૨૦

ततः सर्वमेव शुभतरं तत्रेति ॥२१॥

તે પછી ત્યાં અતિશય શુભ એવી સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે. ૨૧

परं गतिशरीरादिहीनमिति ॥२२॥

પરંતુ ગતિ તથા શરીરાદિક પૂર્વ પૂર્વની અપેક્ષાએ હીન હોય છે. ૨૨

तथा रहितमौत्सुक्यदुःखेनेति ॥२३॥

ઉત્સુકપણાના દુઃખવડે રહિત એવું ઉત્તમ દેવસ્થાનમાં જન્મ થાય છે. ૨૩

अतिविशिष्टाल्हादादिमदिति ॥२४॥

વળી તે જન્મ અતિશય આલ્હાદથી યુકત હોય છે. ૨૪

तच्च्युतावपि विशिष्टदेश इत्यादिसमानं पूर्वेणेति ॥२५॥

તે દેવસ્થાનથી ચવ્યા પછી 'સારા દેશમાં જન્મ' ઇત્યાદિ જે પ્રથમ કહ્યું તેમ જાણવું. ૨૫

विशिष्टतरं तु सर्वमिति ॥२६॥

પૂર્વે જે સુંદર રૂપાદિ કહ્યાં તેથી અહિં વિશેષ રૂપાદિ જાણવા. ૨૬

क्लिष्टकर्मविगमादिति ।।२७।।

અશુભ કર્મનો નાશ થવાથી પૂર્વોકત નિર્દોષ જન્મ થાય છે. ૨૭

शुभतरोदयादिति ।।२८।।

અતિશય શુભ કર્મનો ઉદય થવાથી અશુભ કર્મનો નાશ થાય છે.

जीववीर्योल्लासादिति ।।२९।।

જીવના વીર્યના અધિકપણાથી શુભ કર્મનો ઉદય થાય છે. ૨૯

परिणतिवृद्धेरिति ।।३०।।

જીવની પરિણતિની વૃદ્ધિથી જીવના વીર્યનો ઉલ્લાસ થાય છે. ૩૦

तत्तथा स्वभावत्वादिति ।।३१।।

પરિણતિની વૃદ્ધિ થવાનો જીવનો સ્વભાવ છે, માટે ૩૧

किंच प्रभूतोदाराण्यपि तस्य भोगसाधनानि, अयत्नोपनतत्वात् प्रासंगिकत्वादभिष्वंगाभावात्कुत्सितप्रवृत्तेः शुभानुबंधित्वादुदारसुखसाधनान्येव बंधहेतुत्वाभावेनेति ॥३२॥

અતિશય ઉદાર એવા ભોગ ભોગવવાના સાધનો બંધ હેતુના અભાવે કરી ઉદાર સુખના સાધનોજ થાય છે, તે પ્રયત્ન વિના પ્રસંગથી પ્રાપ્ત થાય છે, કારણ કે, તેમાં અતિ આસક્તિનો અભાવ હોવાથી, કુત્સિત કર્મમાં પ્રવૃત્તિ ન હોવાથી અને શુભ કર્મનું અનુબંધપણું રહેલ હોવાથી. માટે પૂર્વે કહેલા પુરૂષને પ્રભૂત ભોગના સાધન

ઉદાર સુખના સાધન જ થાય છે. એમ ઉત્તરોત્તર હેતુ જાણવા. ૩૨

अशुभपरिणाम एव हि प्रधानं बंधकारणं तदंगतया तु बाह्यमिति ॥३३॥

અશુભ પરિણામ જ બંધનું મુખ્ય કારણ છે અને અશુભ પરિણામના કારણપણે કરીને બાહ્ય એવા અંતઃપુરાદિક તે બંધના કારણ છે. ૩૩

तदभावे बाह्यादल्पबंधभावादिति ॥३४॥

અશુભ પરિણામનો અભાવ છતાં બાહ્ય એવા જીવહિંસાદિકથી અલ્પ બંધ થાય છે, માટે. ૩૪

वचनप्रामाण्यादिति ॥३५॥

તીર્થંકરના વચનનું પ્રમાણ છે. માટે, ૩૫

बाह्योपमर्देऽप्यसंज्ञिषु तथाश्रुतेरिति ।।३६।।

બાહેર થયેલી હિંસા છતાં પણ અસંજ્ઞી-જીવોને વિષે પૂર્વે કહ્યું તેમ શાસ્ત્રમાં સંભલાય છે, માટે. ૩૬

एवं परिणाम एव शुभो मोक्षकारणमपीति ।३७।

મોક્ષનું કારણ પણ શુભ પરિણામ જ છે. ૩૭

तदभावे समग्रक्रियायोगेऽपि मोक्षासिद्धेरिति ।।३८।।

શુભ પરિણામનો અભાવ અને સંપૂર્ણ ક્રિયાનો યોગ છતાં પણ મોક્ષની સિદ્ધિ થતી નથી, માટે. ૩૮

सर्वजीवानामेवानंतशो ग्रैवेयकोपपातश्रवणादिति ।।३९।।

સર્વ જીવોને પણ અનંતવાર ગ્રૈવેયકને વિષે ઉપપાત થયેલો છે, એમ શાસ્ત્રથી શ્રવણ થાય છે, માટે. ૩૯

समग्रक्रियाभावे तदप्राप्तेरिति ॥४०॥

સમગ્ર ક્રિયાનો અભાવ થતાં તે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થતી નથી. ૪૦

इत्यप्रमादसुखवृद्धया तत्काष्टासिद्धौ निर्वाणावाप्तिरितीति ॥४१॥

આ પ્રકારે અપ્રમાદ સુખની વૃદ્ધિવડે ચારિત્ર ધર્મની મોટી સિદ્ધિ થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૪૧

यत्किंचन शुभं लोके स्थानं तत्सर्वमेवहि ।
अनुबंधगुणोपेतं धर्मादाप्नोति मानवः ॥४२॥

इति ।

જે કાંઇ લોકોને વિષે ઇંદ્રાદિકના પ્રગટ શુભસ્થાન કહેવાય છે, તેને ઉત્તરોત્તર શુભ ગુણે સહિત એવો મનુષ્ય ધર્મ પામે છે. ૪૨

तथा–धर्मश्चिंतामणिः श्रेष्ठो धर्मः कल्याणमुत्तमम्।
हित एकांततो धर्मो धर्म एवामृतं परम् ।।४३।।
इति ।

વળી ધર્મ તે શ્રેષ્ઠ એવો ચિંતામણિ છે, ધર્મ ઉત્તમ કલ્યાણકારક છે, ધર્મ એકાંતે હિતકારક છે અને એજ પરમ અમૃત છે. ૪૩

तथा—चतुर्दशमहारत्नसद्भोगान्नृष्वनुत्तमम् ।
चक्रवर्त्तिपदं प्रोक्तं धर्महेलाविजृंभितम् ।।४४।।

ચૌદ મહારત્નોના ભોગથી મનુષ્યને વિષે ઉત્તમ ગણાતું એવું ચક્રવર્ત્તીનું પદ ધર્મની લીલાનો માત્ર વિલાસ છે એમ કહેલું છે. ૪૪

।। इति धर्मफलविधिः सप्तमोऽध्यायः ।।७।।

॥८॥ अष्टमः अध्यायः ॥

किं चेह बहुनोक्तेन तीर्थकृत्त्वं जगद्धितम् ।
परिशुद्धादवाप्नोति धर्माभ्यासान्नरोत्तमः ॥१॥
इति ॥

વધારે શું કહેવું ? ઉત્તમ પુરૂષ અતિ શુદ્ધ ધર્મના અભ્યાસથી જગતને હિતકારી એવા તીર્થંકરપણાને પામે છે. ૧

नातः परं जगत्यस्मिन् विद्यते स्थानमुत्तमम् ।
तीर्थकृत्त्वं यथा सम्यक् स्वपरार्थप्रसाधकम् ।२।
इति ॥

આ જગતને વિષે સારી રીતે પોતાના અને પરના અર્થને સાધનારૂં જેવું તીર્થંકરપણું છે, તેવું બીજું કે કોઇ ઉત્તમ સ્થાન પોતાના તથા પરના અર્થને સાધનારૂં નથી.

पंचस्वपि महाकल्याणेषु त्रैलोक्यशंकरम् ।
तथैव स्वार्थसंसिद्धया परं निर्वाणकारणम् ॥३॥
इति ॥

તીર્થંકરપણું પાંચ એવા પણ મહા કલ્યાણકને વિષે ત્રણ લોકને સુખ કરનારૂં છે, તેમજ પોતાના અર્થને સાધવાથી મોક્ષનું ઉત્કૃષ્ટ કારણ છે. ૩

इत्युक्तप्रायं धर्मफलमिदानीं तच्छेषमेव उदग्र-
मनुवर्णयिष्याम इति ॥४॥

એવી રીતે ધર્મનું બહુધા ફલ કહ્યું. હવે તેનું અવશેષ જે ઉત્કૃષ્ટ ફલ તેનુ વર્ણન કરીએ છીએ. ૪

तच्च सुखपरंपरया प्रकृष्टभावशुद्धेः सामा[illegible]
चरमजन्म तथा तीर्थकृत्त्वं चेति ॥५॥

તે ધર્મનું શેષ ફલ સુખની પરંપરાએ કરી ઉત્કૃષ્ટ ભાવની શુદ્ધિ થવાથી સામાન્યપણે છેલ્લું જન્મ અને તીર્થંકરપણું એ બે ઉત્કૃષ્ટ ફલ છે. ૫

तत्राक्लिष्टमनुत्तरं विषयसौख्यं, हीनभावविगमः, उदग्रतरा संपत्, प्रभूतोपकारकरणं, आशयविशुद्धिः, धर्मप्रधानता, अवन्ध्यक्रियात्वमिति ॥६॥

તે સામાન્ય ચરમ ભવને વિષે ક્લેશ રહિત અને પ્રધાન એવું વિષય સુખ મલે છે, હીન ભાવનો નાશ થાય છે, તથા અતિશય મોટી સંપત્તિ મલે છે, ઘણા ઉપકાર કરાય છે, અંતઃકરણની શુદ્ધિ થાય છે, ધર્મને વિષે પ્રધાનતા થાય છે અને સર્વ ક્રિયાની સફળતા થાય છે. ૬

तथा–विशुद्धचमानाऽप्रतिपातिचरणावाप्तिः, तत्सात्म्यभावः भव्यप्रमोदहेतुता, ध्यानसुखयोगः, अतिशयर्द्धिप्राप्तिरिति ।।७।।

શુદ્ધ અને જેનો નાશ થતો નથી એવા ચારિત્રની પ્રાપ્તિ થાય છે, તે ચારિત્રની સાથે આત્માનો એકભાવ થાય છે, તે ભવ્ય જનને પ્રમોદનું કારણ થાય છે. ધ્યાનના સુખનો યોગ થાય છે, અને અતિશય ઋદ્ધિની પ્રાપ્તિ થાય છે. ૭

अपूर्वकरणं, क्षपकश्रेणिः, मोहसागरोत्तारः, केवलाभिव्यक्तिः, परमसुखलाभ इति ।।८।।

અપૂર્વકરણ (આઠમા ગુણસ્થાન) ને પામે છે, પછી ક્ષપકશ્રેણી કરે છે, પછી મોહરૂપ સમુદ્રને ઉતરે છે, પછી કેવલજ્ઞાની થઈ પરમ સુખ (મોક્ષ)નો લાભ પ્રાપ્ત થાય છે. ૮

सदारोग्याप्तेरिति ॥९॥

નિરંતર આરોગ્યની પ્રાપ્તિ થઇ છે, માટે પરમસુખનો લાભ થાય છે.

भावसंनिपातक्षयादिति ॥१०॥

ભાવ સંનિપાતનો નાશ થયો છે, માટે સદા આરોગ્યની પ્રાપ્તિ થઇ છે. ૧૦

रागद्वेषमोहा हि दोषास्तथा तथात्मदूषणादिति ॥१२॥

તે તે પ્રકારે આત્માને દૂષિત કરવાથી રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ ત્રિદોષ રૂપ ભાવ સંનિપાત કહેલ છે. ૧૨

अविषयेऽभिष्वंगकरणाद्राग इति ॥१३॥

અયોગ્ય વિષયોને વિષે આસક્તિ કરવી તે રાગ કહેવાય છે. ૧૩

तत्रैवाग्निज्वालाकल्पमात्सर्यापादनाद्द्वेष इति ॥१४॥

તેજ નાશવંત પદાર્થને વિષે આસક્તિ થતાં અગ્નિની જવાલા જેવો મત્સર કરવો તે દ્વેષ રૂપ દોષ કહેવાય છે. ૧૪

हेयेतरभावाधिगमप्रतिबंधविधानान्मोह इति ॥१५॥

ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થના જ્ઞાનનો અટકાવ કરવો તે મોહ નામનો દોષ કહેવાય છે. ૧૫

सत्स्वेतेषु न यथावस्थितं सुखं स्वधातुवैषम्यादिति ॥१६॥

એ રાગ, દ્વેષ અને મોહ છતાં યથાર્થ સુખ ન થાય કારણ કે, આત્માની મૂલ પ્રકૃતિનું વિષમપણું થાય છે. ૧૬

क्षीणेषु न दुखं निमित्ताभावादिति ।।१७।।

રાગાદિ ક્ષીણ થતાં દુઃખ નથી, કારણકે જીવને દુઃખ થવાના રાગાદિ નિમિત્ત કારણનો અભાવ છે. ૧૭

आत्यन्तिकभावरोगविगमात् परमेश्वरताप्तेस्त-त्तथास्वभावत्वात् परमसुखभाव इतीति ।।१८।।

ભાવરોગનો અત્યંતનાશ થવાથી પરમેશ્વરપણાની જે પ્રાપ્તિ તે વડે પરમ સુખનો લાભ થાય છે, કારણકે, પરમસુખના લાભનો તેવા પ્રકારનો સ્વભાવ છે. ૧૮

देवेन्द्रहर्षजननमिति ।।१९।।

દેવેંદ્રોને હર્ષ ઉત્પન્ન કરનારૂ તીર્થંકરપણું છે. ૧૯

तथा पूजानुग्रहाङ्गतेति ।।२०।।

तथा प्रातिहार्योपयोग इति ।।२१।।

વળી અષ્ટ મહાપ્રાતિહાર્યનો ઉપયોગ થાય છે. ૨૧

ततः परंपरार्थकरणमिति ।।२२।।

તે પછી ઉત્કૃષ્ટ અર્થને કરનારૂં તીર્થંકરપણું છે. ૨૨

अविच्छेदेन भूयसां मोहान्धकारापनयनं हृद्यैर्वचनभानुभिरिति ।।२३।।

મનોહર વચન રૂપ કિરણો વડે ઘણાં પ્રાણીઓના મોહ રૂપ અંધકારનો નાશ કરવો, એવું તીર્થંકરપણું છે. ૨૩

सूक्ष्मभावप्रतिपत्तिरिति ।।२४।।

સૂક્ષ્મ ભાવ એટલે જીવાદિ પદાર્થોનું જ્ઞાન થાય છે. ૨૪

ततः श्रद्धामृतास्वादनमिति ।२५।।

તે પછી શ્રદ્ધા રૂપ અમૃતનું આસ્વાદન થાય છે. ૨૫

मतः सदनुष्ठानयोग इति ।।२६।।

તે પછી સારા અનુષ્ઠાનનો યોગ થાય છે. ૨૬

ततः परमापायहानिरिति ।।२७।।

તે પછી ઉત્કૃષ્ટી અનર્થની હાનિ થાય છે. ૨૭

सातुबन्धसुखभाव उत्तरोत्तरः प्रकामप्रभूतसत्त्वोपकाराय अवन्ध्यकारणं निर्वृतेरिति ।२८।

અતિશયે શ્રેષ્ઠ એવો અવિચ્છિન્ન સુખ ભાવ પ્રાણીઓના મોટા ઉપકારને અર્થે થાય છે અને તે મોક્ષનું અવંધ્ય-સફલ

કારણ છે, એટલે અધિકથી અધિક સુખની પરંપરાએ કરી યાવત્ મોક્ષ સુખનો સાચો હેતુ છે. ૨૮

उति परंपरार्थकरणमिति ।।२९।।

આ પ્રકારે ઉત્કૃષ્ટા પારકા અર્થનું કરવું તે તીર્થંકરપણાનું ફલ છે. ૨૯

भवोपग्राहिकर्मविगम इति ।।३०।।

ભાવોપગ્રાહી એવા વેદનીયાદિ ચાર અઘાતિ કર્મનો નાશ થાય છે. ૩૦

ततः निर्वाणगमनमिति ।।३१।।

તે પછી તીર્થંકર અને અતીર્થંકર એ બંનેનું નિર્વાણ–મોક્ષ ગમન થાય છે. ૩૧

तत्र च पुनर्जन्माद्यभाव इति ।।३२।।

તે મોક્ષ પામ્યે છતે ફરીવાર જન્મ વગેરેનો અભાવ થાય છે. ૩૨

बीजाभावतोऽमिति ।।३३।।

એ જન્માદિકનો અભાવ બીજના અભાવથી થાય છે. ૩૩

कर्मविपाकस्तदिति ।।३४।।

જન્માદિકનું બીજ કારણ કર્મનો વિપાક છે. ૩૪

अकर्मा चासाविति ।।३५।।

નિર્વાણગત જીવ કર્મ રહિત થયા તે ફરીથી કર્મ સહિત થવાના નથી. ૩૫

तद्वत एत तद्ग्रहः इति ।।३६।।

કર્મવાલા ને જ ફરીથી જન્મ વગેરે થાય છે. ૩૬

तदनादित्वेन तथाभावसिद्धेरिति ।।३७।।

તે કર્મના અનાદિ ભાવે કરી કર્મ-

વાલાને જ જન્માદિકનું ગ્રહણ થાય એવા ભાવની સિદ્ધિ થાય છે માટે. ૩૭

सर्वविप्रमुक्तस्य तु तथा स्वभावत्वा—
न्निष्ठितार्थत्वान्न तद्ग्रहणे निमित्तमिति ।।३९।।

સર્વથા કર્મથી મુક્ત થયેલાને તેવા પ્રકારના સ્વભાવને લઈને પોતાના પ્રયોજનને સંપૂર્ણ કરનારા એવા મોક્ષના જીવને પુનર્જન્માદિ ગ્રહણ કરવામાં કોઈ નિમિત્ત રહ્યું નથી. ૩૯

नाजन्मनो जरेति ।।४०।।

જન્મરહિત થયેલા જીવને જરાવસ્થા હોતી નથી. ૪૦

एवं च न मरणभयशक्तिरिति ।।४१।।

જન્મ અને જરાનો અભાવ થતાં મરણનું ભય રહેતું નથી. ૪૧

तथा न चान्यउपद्रव इति ।।४२।।

વળી સિદ્ધના જીવને બીજો પણ કોઇ ઉપદ્રવ રહેતો નથી. ૪૨

विशुद्धस्वरूपलाभ इति ।।४३।।

અતિ શુદ્ધ એવા સ્વ સ્વરૂપનો લાભ થાય છે. ૪૩

तथा आत्यंतिको व्याबाधानिवृत्तिरिति ।।४४।।

દુઃખની અત્યંત નિવૃત્તિ થાય છે. ૪૪

सा निरुपमं सुखमिति ।।४५।।

દુઃખની અત્યંત નિવૃત્તિ એજ નિરૂપમ સુખ છે. ૪૫

सर्वत्राप्रवृत्तेरिति ।।४६।।

સિદ્ધના જીવને સર્વ ઠેકાણે પ્રવૃત્તિ નથી, તેથી એ નિરૂપમ સુખ છે. ૪૬

समाप्तकार्यत्वादिति ।।४७।।

કરવા યોગ્ય કાર્યની સમાપ્તિ થઈ છે, માટે. ૪૭

न चैतस्य क्वचिदौत्सुक्यमिति ।।४८।।

એ સિદ્ધના જીવને કોઇ કાર્ય કરવામાં ઉત્સુકપણું રહેતું નથી. ૪૮

दुःखं चेत्स्वास्थ्यविनाशनेनेति ।।४९।।

સ્વસ્થપણાના સુખનો નાશ કરવાથી એ ઉત્સુકપણું દુઃખ રૂપ છે. ૪૯

दुःखशक्त्युद्रेकतोऽस्वास्थ्यसिद्धेरिति ।।५०।।

દુઃખનાં બીજ રૂપ ઉત્સુકપણાની ઉત્પત્તિ થવાથી અસ્વસ્થપણાની સિદ્ધિ થાય છે તેથી. ૫૦

अहितप्रवृत्तेति ।।५१।।

અહિતકારી વસ્તુને વિષે પ્રવૃત્તિ કરવાથી અસ્વસ્થતા જણાય છે. ૫૧

स्वास्थ्यं तु निरुत्सुकतया प्रवृत्तेरिति ॥५२॥

ઉત્સુકપણાએ (ઉછાંછળાપણાએ) રહિત પ્રવતિ કરવાથી સ્વસ્થપણું પ્રગટ થાય છે. ૫૨

परमस्वास्थ्यहेतुत्वात्परमार्थतः स्वास्थ्यमेवेति ॥५३॥

ઉત્કૃષ્ટા સ્વસ્થપણાનું કારણપણું છે, તેથી પરમાર્થપણે નિરૂત્સુકપણે પ્રવૃત્તિ છે, એજ સ્વસ્થપણું જાણવું. ૫૩

भावसारे हि प्रवृत्त्यवृत्ती सर्वत्र प्रधानो व्यवहार इति ॥५४॥

જેમાં ભાવ જ સારરૂપ છે એવી પ્રવૃત્તિ તથા અપ્રવૃત્તિ એ સર્વ સ્થાને પ્રધાન વ્યવહાર છે. ૫૪

प्रतीतिसिद्धश्चायं सद्योगसचेतसामिति ।।५५।।

શુદ્ધ ધ્યાન લક્ષણ યોગ વડે સાવધાન મનવાલા મહામુનિઓને પોતાના અનુભવ-વડે પૂર્વે કહેલા અર્થ સિદ્ધ જ છે. ૫૫

सुस्वास्थ्यं च परमानंद इति ।।५६।।

અતિશય સ્વસ્થપણું એજ પરમાનંદ (મોક્ષ) કહેવાય છે. ૫૬

तदन्यनिरपेक्षत्वादिति ।।५७।।

તે આત્માથી બીજી વસ્તુની અપેક્ષા રહી નથી તેથી મોક્ષ સુખ રૂપ પરમાનંદ કહેવાય છે. ૫૭

अपेक्षाया दुःखरूपत्वादिति ।।५८।।

પારકી અપેક્ષા દુઃખરૂપ છે. માટે ૫૮

अर्थान्तरप्राप्त्या हि तन्निवृत्तिर्दुःखत्वेनानिवृत्तिरेवेति ।।५९।।

દુઃખ રૂપ એવી અન્ય પદાર્થની પ્રાપ્તિ વડે જે ઇચ્છાની નિવૃત્તિ છે તે દુઃખપણાની અનિવૃત્તિ છે. ૫૯

न चास्यार्थांतरावाप्तिरिति ॥६०॥

એ મોક્ષના જીવને અર્થાંતરની પ્રાપ્તિ નથી. ૬૦

स्वस्वभावनियतो ह्यसौ विनिवृत्तेच्छाप्रपंच इति ॥६१॥

સર્વ પદાર્થ સંબંધી અભિલાષા જેની નિવૃત્ત થઇ છે, એવા સિદ્ધ ભગવાન્ નિરંતર પોતાના સ્વભાવમાં જ રહેલા છે. ૬૧

अतोऽकामत्वात्त–स्वभावत्वान्न लोकांतक्षेत्राप्तिः ॥६२॥

આથી તેનો સ્વભાવ અકામ છે અને અકામ છે તેથી અર્થાંતરની અપેક્ષાએ રહિત

છે, એ કારણથી સિદ્ધક્ષેત્રમાં રહેવા રૂપ પ્રાપ્તિ છે, તે અર્થાંતર સાથે સંબંધ નથી. ૬૨

औत्सुक्यवृद्धिर्हि लक्षणमस्या हानिश्च समयांतरे इति ॥६३॥

સિદ્ધિક્ષેત્ર અર્થાંતરની પ્રાપ્તિ કરવારૂપ ઉત્સુકપણાની વૃદ્ધિની બીજા સમયમાં હાનિ થાય છે. ૬૩

न चैतत्तस्य भगवत आकालं तथावस्थितेरिति ॥६४॥

સિદ્ધ ભગવંતને અર્થાંતર પ્રાપ્તિ રૂપ ઉત્સુકપણું નથી, કારણ કે, યાવત્કાલ સુધી તેમનું તેમજ રહેવાપણું છે માટે. ૬૪

कर्मक्षयाविशेषादिति ॥६५॥

કર્મ ક્ષય થવામાં અવિશેષપણું છે માટે. ૬૫

इति निरुपमसुखसिद्धिरिति ।।६६।।

એ પ્રકારે સિધ્ધ ભગવંતને નિરૂપમ સુખની સિધ્ધિ થઇ. ૬૬

सद्ध्यानवन्हिना जीवो दग्ध्वा कर्मेंधनं भवि।
सद्ब्रह्मादिपदैर्गीतं स याति परमं पदम् ।।६७।।

આ મનુષ્ય ક્ષેત્રરૂપ પૃથ્વીને વિષે જીવ શુકલ ધ્યાનરૂપ અગ્નિવડે કર્મરૂપી ઇંધણને બાળી સુંદર એવા સદ્બ્રહ્મ વિગેરે પદથી શાસ્ત્રમાં ગાયેલા એવા પરમપદ (મોક્ષ) મેળવે. ૬૭

पूर्वविधवशादेव तत्स्वभावत्ततस्तथवा।
अनंतवीर्ययुक्तत्वात्समयेनानुगुण्यतः ।।६८।। इति

પૂર્વની સંસારી અવસ્થાના ગમનના

સંસ્કારને વશથી કાર્ય રહિત થયા પછી પણ ઉર્ધ્વગમન કરે છે, એમ સંબંધ કરવા, વળી તેવી રીતના સ્વભાવપણાથી તેમજ અનંતવીર્યે યુક્તપણાથી એક સમયે કરી સમશ્રેણિ આશ્રીને ઉર્ધ્વગમન કરી પરમપદને પામે છે. ૬૮

स तत्र दुःखविरहादत्यंतसुखसंगतः । त्रिष्ठत्ययोगोन्द्रवन्द्यस्त्रिजगतीश्वरः ॥६६॥ इति

તે સિદ્ધ ભગવાન તે મોક્ષને વિષે દુઃખના વિરહથી અત્યંત સુખમાં મગ્ન થઇ યોગીંદ્ર પુરૂષોએ વંદન કરવા યોગ્ય, ત્રણ જગતના ઇશ્વર અને અયોગી થયા સતા રહે છે.

॥ इति विशेषतो धर्मफलविधिरष्टमोऽध्यायः ॥

—o—

સ્વાધ્યાયની સુલભતા.

શ્રમણ સંઘમાં સ્વાધ્યાયની મુખ્યતા છે તેમની પાસે આવનારા પણ સ્વાધ્યાયના અર્થી હોય. જેથી મુનિઓ પાસે જે જ્ઞાન હોય તેનો લાભ તેઓ લઇ શકે.

એ સ્વાધ્યાયની ઉપેક્ષાને કારણે શાસ્ત્રની ગોષ્ઠિ પણ ગૌણ બનતી જાય છે. પરમ પૂજ્ય પરમ શ્રધ્ધેય શાસન શિરોધાર્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પુનીત સાનિધ્યમાં હસ્તગિરિજીમાં વાંચના પ્રસંગે વાત કરી હતી કે, નાના નાના પ્રકરણો અર્થ સહિત હોય તો સાધુ સાધ્વીજી પણ સ્વાધ્યાય કરે અને તેમની પાસે આવનારા પણ વાંચન મનન કંઠસ્થ કરે અને એ એક એક પ્રકરણ પછી તે

૨૫–૫૦–૧૦૦ ગાથાનું હોય તે એક એક ચોમાસામાં તો અવશ્ય તૈયાર થઈ શકે અને તેમ થાય તો શાસ્ત્ર વચનો જે મગજ અને મુખમાં પહેલાં રમતા તેમ અત્યારે પણ રમતા થાય. તેના અર્થ અને ભાવાર્થની અનુપ્રેક્ષામાં સુદૃઢતા આવે અને શ્રમણ સંઘ અને શાસન પણ પ્રોજ્જવલ બને.

આ ભાવનાથી **'કર્પૂર પ્રકર'** સાથે સંપાદિત થયું. આ **'ધર્મબિંદુ'** મહાગ્રંથ પ્રકાશિત થાય છે આના પછી યોગશાસ્ત્ર **'વૈરાગ્ય શતક' 'ધર્મવિધિ પ્રકરણ' 'હૃદય પ્રદીપ ષટ્ત્રિંશિકા' 'ઉપદેશ સપ્તતિકા'** વિ. પ્રકરણો અર્થ સહિત સંપાદન વિષયમાં છે અને એ રીતે શકય પ્રકરણો સાથે શ્રી શ્રમણ સંઘમાં આરાધક

આત્માઓ ભાઇઓ બેનો બાળકો બાળાઓ પણ કંઠસ્થ કરી શકે અર્થ સમજી શકે અને વધુને વધુ તત્ત્વજ્ઞાન મેળવી શ્રદ્ધાના અંકુર પ્રગટે અને પલ્લવિત બને જેથી માનવ જન્મ જે શિવસુખનું સાધન છે તે સફળ બને.

ડોળીયા —જિનેન્દ્રસૂરિ
૨૦૪૭ જેઠ સુદ ૩-૪
શનિવાર ૧૫-૬-૯૧